Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

-સારથી સંતપ્ત જીવોને શાંતિની ઝાંખી કરાવતું અજોડ આધ્યાત્મિક-માસિક

આત્મધર્મ

દંસણમૂલો ધમ્મો

વર્ષ ૧૫ મું

અંક ૯મો

અષાઢ

વી. સં. ૨૪૮૪

: સંપાદક :

રામજી માણેકચંદ દોશી

૧૭૭

# અશુચીમય

# દેહની પવિત્રતા !

આ દેહ તો કાચી માટીના ઘડા જેવો છે. જેમ કાચી માટીના ઘડાને ગમે તેટલો ધોવામાં આવે તોપણ તેમાંથી કાદવ જ ઊખળે છે; તેમ સ્નાનાદિવડે દેહનું ગમે તેટલું લાલન-પાલન કરવામાં આવે તોપણ એ તો અશુચીનું જ ઘર છે, દેહ તો સ્વભાવથી જ અશુચીનો પિંડ છે. આવા દેહને પવિત્રતા એક જ પ્રકારે માનવામાં આવી છે-ક્યા પ્રકારે ? કે-જે દેહમાં પવિત્ર રત્નત્રયધર્મની આરાધના કરવામાં આવે તે દેહને રત્નત્રયના પ્રભાવથી પવિત્ર ગણવામાં આવે છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયની પવિત્ર આરાધના જેમાં વર્તતી હોય તે દેહ પણ પવિત્ર છે; જો કે નિશ્ચયથી તો રત્નત્રયની જ પવિત્રતા છે, પણ તેના નિમિત્તે દેહને પણ વ્યવહારે પવિત્ર કહેવાય છે. ( -દ્વાદશઅનુપ્રેક્ષાના પ્રવચનમાંથી )

શ્રી જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# વીર શાસન જયંતિ મહોત્સવ અને પ્રભુશ્રીના દિવ્ય ધ્વનિના અચ્છિન્ન પ્રવાહો

વૈશાખ સુદ ૧૦ ના દિવસે પ્રભુશ્રી મહાવીર ભગવાનને કેવળજ્ઞાન થઈ ગયું છે....ઇન્દ્રો દ્વારા સમવસરણની રચના થઈ ગઈ છે... ભવ્ય જીવોનાં ટોળે ટોળાં પ્રભુશ્રીનાં સમવસરણમાં આવી ગયાં છે અને દિવ્ય ઉપદેશ સાંભળવા આતૂર થઈ ગયાં છે...પણ...પ્રભુશ્રીનો દિવ્ય ધ્વનિ છૂટતો નથી.... છાસઠ–છાસઠ દિવસ એમ ને એમ ચાલ્યા ગયા પણ હજી વાણી ન છૂટી....હવે તો ભગવાનની દિવ્યવાણી સાંભળવા ભવ્યજીવો અત્યંત આતુર થયાં છે...

છાસઠમો દિવસ પણ ગયો...અને અષાઢ માસ પૂરો થઈને શ્રાવણ માસનો પહેલો દિવસ આવ્યો–ગુજરાતી અષાઢ વદ એકમ આવી. અનાદિ નિયમ અનુસાર એ દિવસે શાસનનું નૂતન વર્ષ શરૂ થયું...સાથે સાથે એ જ દિવસે ભગવાનની વાણીના ધોધ છૂટયા...સહજ ૐ ધ્વનિ છૂટયો.... વીરશાસનનું પ્રવર્તન થયું....ચાર તીર્થોની સ્થાપના થઈ...ગણધર પદની સ્થાપના થઈ અને બાર અંગરૂપ શ્રુતની રચના થઈ....

જેમ અષાઢ માસમાં વરસાદ આવે અને નદીયોમાં પાણીના સુકાયેલા પ્રવાહ ધોધમાર વહેવા માંડે તથા જીવોનો ઊકળાટ શાંત થાય...તેમ મહાવીર પ્રભુજીના શ્રીમુખેથી દિવ્ય ધ્વનિની વર્ષા થતાં મોક્ષમાર્ગરૂપી નદીમાં પૂર આવ્યાં...અને મોક્ષમાર્ગ પૂર વેગે વહેવા માંડયો. કોઇ પરમ ભાગ્યવંતો એ પૂરમાં તરબોળ થઈને કેવળજ્ઞાન પામ્યા, કોઈ ગણધર થયા, તો કોઈએ મુનિ–દશા પ્રગટ કરી...અને કોઈએ અનાદિના મિથ્યાત્વ મળને એ પૂરમાં ધોઈ નાંખ્યો. એ રીતે ભગવાન મહાવીરના શ્રીમુખેથી વહેતી સરિતાએ, સંસારના આતાપથી ક્લાંત અનેક જીવોના આતાપને દૂર કર્યો.

એ અમૃત સરિતા એટલેથી જ ન અટકી..પહેલાં તો શ્રી ગૌતમસ્વામીના હૃદય–સરોવરમાં આવી અને તે હૃદય–સરોવરને છલકાવીને આગળ વધી...મોહરૂપી પર્વતને ભેદીને અનેક સંતમુનિઓના હૃદયકુંડને શ્રુતામૃતથી ભરતી ભરતી આગળ ચાલી...ચાલતાં ચાલતાં એ સરિતાએ શ્રી કુંદકુંદાચાર્યદેવના હૃદયકુંડમાં પ્રવેશ કર્યો......અહીં એક બીજી મહાસરિતાનો પ્રવાહ પણ તેઓશ્રીના હૃદયકુંડમાં આવી મળ્યો. અહોભાગ્ય શ્રીકુંદ–કુંદદેવનાં, કે તેમના મહાપવિત્ર હૃદયકુંડમાં બે અમૃત સરિતાનો સંગમ થયો–એક તો વીર વર્ધ્ધમાનના શ્રીમુખેથી વહેલી અને બીજી વિદેહવાસી શ્રી સીમંધરપ્રભુના શ્રીમુખેથી ઝરેલી. જેમ કેવળજ્ઞાન અને તીર્થંકરપદવીના સંગમથી અરિહંતદશા શોભી ઊઠે તેમ–બે તીર્થંકરોની દિવ્યવાણીના પ્રવાહના સંગમથી શ્રીકુંદકુંદાચાર્યદેવનું હૃદય શોભતું હતું..... કુંદકુંદપ્રભુએ સમયપ્રાભૃતાદિ શાસ્ત્રોની રચનાદ્વારા એ પ્રવાહને વેગવંતો કર્યો...

ત્યાંથી એ નિર્મળ પ્રવાહ વહેતો વહેતો શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ વગેરે સંતોના હૃદયમાંથી પસાર થઈને, અનેક આત્માર્થીઓના હૃદયને પાવન કરતો કરતો પૂ. શ્રી કહાનગુરુદેવના હૃદય–સરોવરમાં એકત્ર થયો. અને આજે તો એમના હૃદય–સરોવરમાંથી પણ વીરવાણીનો એ પ્રવાહ ઉછાળા મારતો આગળ વધવા માંડયો છે. શ્રી કુંદકુંદભગવાને સમયપ્રાભૃત વગેરે શાસ્ત્રોમાં ભરેલા પ્રવાહને પણ આજે પૂ. ગુરુદેવશ્રીએ ઠાલવવા માંડયો છે. એ રીતે વીરપ્રભુજીના શ્રીમુખથી વહેલો એ દિવ્ય પ્રવાહ આજે ફરીથી વેગવંતો થયો છે. અત્યાર સુધીમાં તો તેનો પ્રવાહ અનેક આત્માર્થી જીવોના હૃદયમાં ફેલાઈ ગયો છે, અને તેમને પાવન કરી દીધાં છે, હજી હજારો–હજારો આત્માર્થીઓને તે પાવન કરશે. અને એ પ્રવાહ આગળ વધીને સમસ્ત ભારતને ફરીથી અધ્યાત્મકલ્પદ્રુમોથી લીલૂંછમ બનાવી દેશે... એટલું જ નહિ, પણ ભવિષ્યમાં ય હજારો વર્ષો સુધી આત્માર્થી જીવોને એનું પાન મળ્યા કરશે........

એ રીતે, હે ભગવાન! આપશ્રીનું અધમોધ્ધારક કલ્યાણકારી પવિત્ર શાસન આજે અચ્છિન્નપણે વર્તે છે અને આપશ્રીના દિવ્યધ્વનિના પ્રવાહવડે–તેમજ કુંદકુંદાચાર્યદ્વારા શ્રી સીમંધરભગવાન પાસેથી આવેલા દિવ્ય પ્રવાહવડે–આજે પણ અમારો આત્મા પાવન થાય છે. નમસ્કાર હો આપશ્રીના દિવ્યધ્વનિને, અને એ દિવ્યધ્વનિના પ્રવાહને અચ્છિન્નધારાએ વહેતો રાખનારા સંતોને....

# આત્મધર્મ

વર્ષ પંદરમું : અંક ૯ મો સમ્પાદક : રામજી માણેકચંદ દોશી અષાઢ : ૨૪૮૪

## તીક્ષ્ણ બુદ્ધિ ને શુદ્ધ દ્રષ્ટિવાળા

# ઉત્તમ પુરુષો કોને ભજે છે?

આત્માનો સ્વભાવ સહજ ગુણમણિની ખાણ છે, અને ક્ષણિક પર્યાયમાં પરભાવ પણ છે. પરભાવ હોવા છતાં તીક્ષ્ણ દ્રષ્ટિવાળો સમ્યગ્દ્રષ્ટિ પુરુષ તેને નથી ભજતો, પણ સહજ ગુણનિધાન શુદ્ધ આત્માને જ તે ભજે છે. જુઓ, આ તીક્ષ્ણ બુદ્ધિ ને શુદ્ધદ્રષ્ટિ; જે જીવ રાગને ભજે છે–આદરે છે તેને તીક્ષ્ણબુદ્ધિ નથી પણ સ્થૂળબુદ્ધિ છે–જાડી બુદ્ધિ છે, અને તેને શુદ્ધદ્રષ્ટિ નથી પણ અશુદ્ધદ્રષ્ટિ છે. અહા! વિભાવ હોવા છતાં અંતરનો સહજ સ્વભાવ તેનાથી પાર પરમ સૂક્ષ્મ છે–તેને જાણનારું જ્ઞાન જ તીક્ષ્ણબુદ્ધિ છે, અને તેને દેખનારી દ્રષ્ટિ જ શુદ્ધદ્રષ્ટિ છે, આવી તીક્ષ્ણબુદ્ધિ અને શુદ્ધદ્રષ્ટિવાળો જીવ શુદ્ધઆત્માને જ ભજે છે, બીજા પરભાવોને ભજતો નથી, એ રીતે શુદ્ધ આત્માના ભજનથી તે પુરુષ મોક્ષ પદને પામે છે.

–માટે હે ભવ્ય! હે ભવ્ય શાર્દૂલ! તું પણ તે શુદ્ધ આત્માને જ ભજ. તારા હૃદયકમળમાં કારણપરમાત્મા બિરાજે છે તેને જ તું ભજ. અહા, ઉત્તમ પુરુષો પોતાના અંતર્કમળમાં બિરાજમાન કારણપરમાત્માને જ ભજે છે. હે ભવ્ય શાર્દૂલ! આવા જે કારણપરમાત્માને તું ભજી રહ્યો છે તેને જ તું શીઘ્ર ઊગ્રપણે ભજ. તું તે છે, તું પોતે જ કારણપરમાત્મા છે, તેના ભજનથી તારું મોક્ષરૂપી કાર્ય થશે. આ રીતે, શુદ્ધદ્રષ્ટિવાળા જીવો, તીક્ષ્ણબુદ્ધિવાળા જીવો, ભવ્યોત્તમ જીવો, પોતાના હૃદયમાં સ્થિત ભગવાન કારણપરમાત્માને જ ભજે છે, ને પરભાવ હોવા છતાં (–વ્યવહાર હોવા છતાં) તેને ભજતા નથી.

બસ, આ કારણપરમાત્માનું ભજન તે જ મોક્ષનો ઉપાય છે, અને તે સિવાય પર–ભાવોનું ભજન તે મોક્ષનો ઉપાય નથી. આમ જાણીને હે ભવ્યશાર્દૂલ! તે કારણ પરમાત્માને જ તારા અંતરમાં તું ભજ.

–નિયમસાર કળશ ૨૪–૨૫ના પ્રવચનમાંથી

# અઢી દ્વીપની યાત્રા

## [ શાંતિનાથ ભગવાનના પૂર્વજન્મનો એક પ્રસંગ ]

(સોળમા તીર્થંકર ભગવાન શ્રી શાંતિનાથપ્રભુ, પૂર્વે સાતમા ભવે વિદેહ ક્ષેત્રમાં અપરાજિત નામના બળભદ્ર થયા હતા...ત્યારબાદ પૂર્વે પાંચમા ભવે વિદેહ ક્ષેત્રના રત્નસંચય નગરમાં શ્રીક્ષેમંકર તીર્થંકરના પુત્ર વજ્રાયુધ–ચક્રવર્તી થયા હતા, તે વખતે ઇન્દ્રસભામાં તેમના વિશુદ્ધ સમ્યગ્દર્શનની પ્રસંશા થતાં એક મિથ્યાદ્રષ્ટિ દેવ તેમની પરીક્ષા કરવા આવેલ, અને તેમની વજ્રવાણી સાંભળીને તે દેવ સમ્યગ્દર્શન પામી ગયેલ; ત્યારબાદ પૂર્વે ત્રીજા ભવે તે (શાંતિનાથપ્રભુનો જીવ) વિદેહ ક્ષેત્રમાં ઘનરથતીર્થંકરના પુત્ર મેઘરથ થયા હતા. તે મેઘરથના ભવનો આ પ્રસંગ છે.)

આ જંબૂદ્વીપના પૂર્વ વિદેહ ક્ષેત્રમાં પુષ્કલાવતી દેશ છે, તેની પુંડરીકિણી નગરીમાં રાજા ઘનરથ રાજ્ય કરતા હતા–જેઓ તીર્થંકર હતા; તેમની મનોહરા રાણીને મેઘરથ નામનો પુત્ર થયો.

એક વાર ઘનરથ રાજા પોતાના મેઘરથ વગેરે પુત્ર–પૌત્રો સહિત સિંહાસન ઉપર બેઠા હતા. ત્યાં એક દાસી ‘ઘનતુંડ’ નામનો કુકડો લાવી, અને કહ્યું કે જો કોઈ બીજાનો કુકડો આને જીતી લ્યે તો હું તેને એક હજાર દીનાર આપું. તે સાંભળીને બીજી દાસી ‘વજ્રતુંડ’ નામનો કુકડો લઈ આવી, અને બંનેનું યુદ્ધ થવા લાગ્યું.

તે યુદ્ધ બંને કુકડાઓને માટે દુઃખનું કારણ હતું, તેમજ જોનારાઓને પણ હિંસાનંદ વગેરે રૌદ્રધ્યાનનું કારણ હતું; તેથી ધર્માત્માઓએ તે દેખવાયોગ્ય નથી–એમ વિચારીને, ઘનરથ રાજાએ અનેક ભવ્ય જીવોને શાંતિ પ્રાપ્ત કરાવવા માટે તેમજ પોતાના પુત્રનો મહિમા પ્રસિદ્ધ કરવા માટે, મેઘરથ કુમારને પૂછયું: હે કુમાર! આ કુકડાઓમાં આટલું બધું બળ ક્યાંથી આવ્યું?

એ પ્રમાણે ઘનરથ રાજાએ પૂછતાં, વિશુદ્ધ અવધિજ્ઞાન નેત્રધારક કુમાર મેઘરથ તે બંને કુકડાના યુદ્ધના કારણરૂપ તેઓના પૂર્વભવ કહેવા લાગ્યા :

આ બંને કુકડાઓ કેટલાક ભવ પહેલાં ભદ્ર અને ધન્ય નામના બે સગા ભાઈ હતા અને ગાડી ચલાવવાનું કાર્ય કરતા હતા. એક વાર બળદના નિમિત્તે પરસ્પર લડતાં લડતાં બંને મરી ગયા અને જંગલી હાથી થયા; ત્યાં પણ પૂર્વભવના વેરથી બંને લડીને મર્યા અને પાડા થયા, ત્યાં પણ લડતાં લડતાં મરીને મેંઢા થયા, અને ત્યાં લડતાં લડતાં મરીને આ કુકડા થયા છે. અત્યારે અહીં છૂપાયેલા બે વિદ્યાધરો વિદ્યાબળથી તેમને લડાવી રહ્યા છે.

તે બે વિદ્યાધરો કોણ છે? અને અહીં તેઓ શા કારણે આવ્યા છે? તે જાણવા ચાહતા હો તો સાંભળો. –એમ કહીને મેઘરથકુમાર તે વિદ્યાધરોનું વૃત્તાંત કહેવા લાગ્યાઃ

આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં વિજ્યાર્દ્ધ પર્વતની ઉત્તરશ્રેણી ઉપર એક કનકપુર નામનું નગર છે, તેમાં ગરૂડવેગ નામના વિદ્યાધર રાજાને દિવિતિલક અને ચંદ્રતિલક નામના બે પુત્રો છે. તે બંને પુત્રો એક દિવસે સિદ્ધકૂટ પર બિરાજમાન બે ચારણ મુનિવરો પાસે પહોંચ્યા અને ભક્તિપૂર્વક વિનયથી પોતાના પૂર્વભવનો સંબંધ પૂછયો, તેથી મોટા મુનિરાજ તેમને આ પ્રમાણે પૂર્વભવ કહેવા લાગ્યાઃ ધાતુકીખંડ નામનો બીજો દ્વીપ છે, તેના પૂર્વ ભાગમાં ઐરાવત ક્ષેત્રમાં તિલકનગર છે, તેના રાજા અભયઘોષ હતા, તે પૂર્વે ભવમાં તમારા પિતા હતા, અને તમે બંને વિજય અને જયંત નામના તેમના પુત્રો હતા. અભયઘોષ રાજાએ એક વાર દમવર નામના મુનિરાજને ભક્તિપૂર્વક આહાર–દાન દેતાં પંચાશ્ચર્ય થયા. એક વાર બંને પુત્રો સાથે તે રાજા શ્રી અનંતસ્વામી ગુરુ પાસે ગયા અને ત્યાં બોધિ પામીને તે ત્રણેએ મહાવ્રત અંગીકાર કર્યાં; તથા સોળ કારણ ભાવનાઓના ચિંતનવડે શ્રી અભયઘોષ મુનિરાજે તીર્થંકરનામકર્મ બાંધ્યું, અને અનુક્રમે સમાધિમરણ કરીને બંને પુત્રો સહિત તેઓ અચ્યુત સ્વર્ગમાં ગયા; તે સ્વર્ગમાંથી તમે બંને (જયંત તથા વિજયકુમારો) અહીં વિદ્યાધર તરીકે ઊપજ્યા છો.

એ વાત સાંભળીને તે બંને વિદ્યાધરો પૂછવા લાગ્યાઃ હે ભગવાન! પૂર્વભવના અમારા પિતા ક્યાં છે? શ્રી મુનિરાજે કહ્યુંઃ હે કુમારો! તમારા પિતા અચ્યુત સ્વર્ગમાંથી ચ્યવીને વિદેહક્ષેત્રમાં ઘનરથ તીર્થંકર તરીકે જન્મ્યા અને અત્યારે પુંડરીકિણી નગરીમાં મેઘરથ વગેરે પુત્રો સહિત કુકડાનું યુદ્ધ જોતા બેઠા છે.

મુનિરાજના શ્રીમુખથી એ વાત સાંભળતા ને બંને વિદ્યાધરો આપની પ્રત્યેના પ્રેમને લીધે અહીં આપનાં (ઘનરથ રાજાનાં) દર્શન કરવા માટે આવ્યા છે...એ પ્રમાણે મેઘરથે વિદ્યાધરોના આગમનનું વૃત્તાંત કહ્યું.

મેઘરથ પાસેથી બધું વૃત્તાંત સાંભળીને તે બંને વિદ્યાધરોએ પોતાનું રૂપ પ્રગટ કર્યું, અને રાજા ઘનરથ તથા કુમાર મેઘરથનું પૂજન (બહુમાન) કર્યું, તથા વૈરાગ્ય પામીને ગોવર્ધ્ધન મુનિરાજ પાસે જઈને દીક્ષા લઈ લીધી.

તે બંને કુકડાઓએ પણ પોતાનો પૂર્વભવનો સંબંધ જાણીને પરસ્પરનું વેર છોડી દીધું, અને અંતમાં સાહસપૂર્વક સંન્યાસ ધારણ કરી લીધો, ને મરીને તેઓ તામ્રચૂલ તથા કનકચૂલ નામના દેવો થયા. તરત જ તે બંને દેવો પુંડરીકિણી નગરીમાં આવ્યા અને ઘણા પ્રેમપૂર્વક મેઘરથનું સન્માન કરીને પોતાના પૂર્વ–જન્મનો સંબંધ સ્પષ્ટરૂપે કહ્યો. છેવટે તેઓએ કહ્યુંઃ હે કુમાર, કુકડા જેવી તિર્યંચ દશામાંથી અમે દેવ થયા, તે આપનો જ ઉપકાર છે...આપ અમારી સાથે વિમાનમાં ચાલો...ને માનુષોત્તર પર્વતની અંદરના જિનમંદિરો વગેરે બધું દેખો...જેથી અમારા દ્વારા આપના ઉપકારનો ઓછામાં ઓછો આટલો બદલો તો જરૂર થાય. (માનુષોત્તર પર્વતની અંદર અઢીદ્વીપ આવેલા છે, ને મનુષ્યોનું ગમન ત્યાં સુધી જ થઈ શકે છે, તેથી દેવોએ અઢીદ્વીપની જાત્રાની વાત કરી.)

મેઘરથકુમારે તેમાં સંમતિ આપતાં દેવોએ અનેક ઋદ્ધિયુક્ત વિમાનમાં મેઘરથકુમારને આસજનો સહિત બેસાડયા, અને આકાશમાર્ગે અનેક દેશો અને જિનમંદિરો બતાવતા ચાલ્યા. દેવો મેઘરથકુમારને દેખાડતા હતા કે જાુઓ, આ પહેલું ભરતક્ષેત્ર છે, આ તેની હસ્તીનાપુરી નગરી છે–ત્રીજા ભવે આપ તીર્થંકર થશો ત્યારે આપના જન્મથી આ નગરી પાવન થશે....અને આ તરફ ઊંચો પર્વત દેખાય છે તે

ભરતક્ષેત્રની શાશ્વત નિર્વાણભૂમિ સમ્મેદશૈલ છે...આ હેમવત ક્ષેત્ર છે... આ હરિવર્ષ ક્ષેત્ર છે... આ વિદેહક્ષેત્ર છે...આ રમ્યક્ ક્ષેત્ર છે...આ હૈરણ્યવત ક્ષેત્ર છે...ને આ ઐરવત ક્ષેત્ર છે...આ હિમવાન વગેરે સાત કુલાચલ...પર્વતો છે...તેમાં વચ્ચે સૌથી ઊંચો મહામેરું છે. અને અનેક શાશ્વત જિનમંદિરોથી તે શોભી રહ્યો છે...આ પ્રમાણે દેવો બધું બતાવતા જાય છે ને મેઘરથકુમાર પ્રસન્નતાપૂર્વક જિનમંદિરો વગેરેનાં દર્શન કરતા જાય છે...જુઓ, આ શ્રી–હ્રી વગેરે દેવીઓનાં નિવાસસ્થાન છે. હે મહાભાગ! આ ચિત્રકૂટ, અંજન વગેરે ૧૬ વૃક્ષાપર્વતો છે તે બહુ સુંદર દેખવાલાયક છે, તેના ઉપર રત્નમય જિનબિંબો સહિત જિનમંદિરો છે. આ વિદ્યુત્પ્રભ વગેરે ૪ ગજદંત પર્વતો છે. આ બધા પર્વતો અને તેના ઉપરના જિનમંદિરો ઉત્પત્તિ–વિનાશ રહિત–અનાદિઅનંત શાશ્વત છે. હે કુમાર, સ્પષ્ટપણે દેખો....આ કચ્છા...સુકચ્છા...પુષ્કલાવતી આદિ ૩ર વિદેહ ક્ષેત્રના દેશો છે, અને આ ક્ષેમા...ક્ષેમપુરી...પુંડરીકિણી...અયોધ્યા વગેરે ૩ર તે દેશોની રાજધાનીઓ છે... આ અમારાં (વ્યંતરદેવોનાં) નિવાસસ્થાનો છે...આ પ્રમાણે જંબૂદ્વીપના બધા સ્થાનો દેખાડીને પછી લવણસમુદ્ર ઓળંગીને બીજા ધાતુકીખંડદ્વીપમાં આવ્યા...ત્યાંના બે મેરુપર્વતો, ત્યાં બિરાજતા અનેક તીર્થંકરો, જિનમંદિરો વગેરેનાં દર્શન કરાવીને, પછી કાલોદધિ સમુદ્ર પાર કરીને ત્રીજા પુષ્કરદ્વીપમાં આવ્યા અને ત્યાં પણ બે મેરુપર્વતો, અનેક જિનમંદિરો, અનેક તીર્થંકરો વગેરેનાં દર્શન કરાવ્યાં... અને છેવટે માનુષોત્તર પર્વત તથા તેના ઉપરના ૪ શાશ્વત જિનાલયો પણ મેઘરથકુમારને દેખાડયા...

આ રીતે માનુષોત્તર પર્વત સુધીના–અઢી દ્વીપનાં સમસ્ત સ્થાનો દેખતાં કુમારને ઘણી પ્રસન્નતા થઈ...અત્યંત પ્રીતિપૂર્વક તેણે અકૃત્રિમ જિનમંદિરોની પૂજા કરી...ભાવભીની સ્તુતિ કરી...અને એ રીતે અઢીદ્વીપની યાત્રા કરીને મહાન ઉત્સવપૂર્વક પોતાની પુંડરીકિણી નગરીમાં પ્રવેશ કર્યો... ત્યાં દેવો તેમનું સન્માન કરીને પોતાના સ્થાને ચાલ્યા ગયા.

જય હો અઢીદ્વીપની યાત્રાનો !...નમસ્કાર હો અઢીદ્વીપના જિનવૈભવને !

[તીર્થધામ સોનગઢમાં સીમંધર ભગવાનનું અતિ–ભવ્ય, ઉન્નત અને સુશોભિત જિનમંદિર, ચારે બાજુની દિવાલો ઉપર કોતરેલા ઐતિહાસિક ચિત્રોના વૈભવથી ભક્તજનોના ચિત્તને આકર્ષી રહ્યું છે. દિવાલો ઉપર તીર્થંકરોના પૂર્વભવના પ્રસંગો, તીર્થધામો અને મુનિવરોના ભક્તિભર્યા ચિત્રો છે, તેમાંથી એક ચિત્રનો કથા–પ્રસંગ અહીં રજૂ કર્યો છે...બીજા ચિત્રોનો પરિચય પણ હવે પછી પ્રસિદ્ધ કરીશું.]

## પ્રૌઢ વયના ગૃહસ્થો માટે
# જૈન દર્શન શિક્ષણ વર્ગ

સોનગઢમાં દર વર્ષની માફક આ વર્ષે પણ, પ્રથમ શ્રાવણ સુદ પાંચમ ને સોમવાર તા. ૨૧–૭–૫૮ થી શરૂ કરીને, પ્રથમ શ્રાવણ વદ નોમ ને શનિવાર તા. ૯–૮–૫૮ સુધી તત્ત્વજ્ઞાનના અભ્યાસ માટે "જૈન દર્શન શિક્ષણ વર્ગ" ચાલશે. વર્ગમાં દાખલ થનાર ગૃહસ્થો માટે રહેવા–જમવાની વ્યવસ્થા સંસ્થા તરફથી થશે. જે જિજ્ઞાસુ ભાઈઓને વર્ગમાં આવવાની ઇચ્છા હોય તેમણે નીચેના સરનામે સૂચના મોકલી દેવી, અને વર્ગમાં વખતસર આવી જવું.

–શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ
સોનગઢ (સૌરાષ્ટ્ર)

# અનેકાન્તમૂર્તિ ભગવાન આત્માની




## [ ૪૫ ]

## 卐 અપાદાનશક્તિ 卐

આ અપાદાનશક્તિ વર્ણવીને આચાર્યદેવ તને તારી ધ્રુવખાણ બતાવે છે; તેમાં ઊંડો ઊતરીને ધ્રુવખાણમાંથી સમ્યગ્દર્શનાદિ રત્નો કાઢ. જેમ રત્નોની ખાણમાંથી રત્નો નીકળે, તેમ ચૈતન્યરત્નની ધ્રુવખાણ આત્મા છે, તેમાંથી સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ રત્નો નીકળે છે.

ઉત્પાદ–વ્યય થાય છે તે ભાવ પણ આત્માનો જ છે, ને ધ્રુવ ટકતો ભાવ પણ આત્માનો છે,–એક સાથે તે બંને ભાવવાળો આત્માનો અનેકાન્તસ્વભાવ છે.– આવા અનેકાન્તસ્વભાવને ઓળખતાં ધ્રુવના આશ્રયે પર્યાયમાં નિર્મળતા ઉલ્લસે છે.

આ ધર્મની વાત છે; ધર્મ વિના કદી કોઈ જીવને સુખ, શાંતિ કે મુક્તિ થતી નથી. ધર્મ આત્મામાં થાય છે, આત્માથી જુદા બીજા કોઇ પદાર્થમાં ધર્મ થતો નથી. તેથી જેણે ધર્મ કરવો હોય તેણે આત્માનું સ્વરૂપ જાણવું જોઈએ. આત્માનું સ્વરૂપ જાણવા માટે તેના ત્રિકાળી ધર્મોનું વર્ણન ચાલે છે; આત્માના ત્રિકાળી ધર્મોને જાણતાં તેના આશ્રયે મોક્ષમાર્ગરૂપ ધર્મ પ્રગટે છે.

ચૈતન્યમાત્ર ભાવથી લક્ષિત આત્મા અનંત શક્તિનો ભંડાર છે, તેની કેટલીક શક્તિઓનું વર્ણન ચાલે છે. અનંતશક્તિઓ વાણીથી ન વર્ણવી શકાય, વાણીમાં તો કેટલીક પ્રયોજનભૂત શક્તિઓનું વર્ણન આવે. અહીં ૪૧ થી ૪૬ સુધીની છ શક્તિઓમાં કર્મ, કર્તા, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ એ છ કારકોનું વર્ણન છે, તેમાંથી ચાર કારક શક્તિઓનું વર્ણન થઈ ગયું, હવે અપાદાન શક્તિ કહે છેઃ "ઉત્પાદ–વ્યયથી આલિંગિત ભાવનો અપાય (–નાશ) થવાથી હાનિ નહિ પામતા એવા ધ્રુવપણામયી અપાદાનશક્તિ છે." ઉત્પાદ–વ્યયરૂપ ભાવો ક્ષણિક છે તેનો નાશ થઈ જાય છે છતાં આત્માનો ધ્રુવ સ્વભાવ કાંઈ નાશ પામતો નથી, તે તો એવો ને એવો ટકી રહે છે, ને તે ધ્રુવ ટકતા ભાવમાંથી જ નવું નવું કાર્ય થાય છે. આ રીતે ધ્રુવપણે ટકીને નવું નવું કાર્ય કરવાની આત્માની અપાદાન શક્તિ છે. ઉત્પાદ–વ્યયરૂપ ક્ષણિક ભાવમાંથી નવું નવું કાર્ય નથી થતું, પણ ધ્રુવ ટકતા ભાવમાંથી નવું નવું કાર્ય થાય છે.–આવા નિર્ણયમાં ધ્રુવ સ્વભાવની દ્રષ્ટિથી નિર્મળ નિર્મળ કાર્ય જ થાય છે.

પર્યાયનો નાશ થવા છતાં આત્માનો નાશ થઈ જતો નથી, તે તો ધ્રુવ અપાદાનરૂપે ટકીને નવી નવી પર્યાયરૂપે થયા કરે છે. અનંત પર્યાયો થઈને નાશ પામી ગઈ તેથી દ્રવ્યના સ્વભાવમાંથી કાંઈ ઘટી ગયું–એમ નથી; અજ્ઞાનીને પોતાના ધ્રુવ સ્વભાવની દ્રષ્ટિ નહિ હોવાથી, સંયોગ ઘટતાં જાણે હું ઘટી ગયો, અથવા પર્યાયનો નાશ થતાં જાણે મારા આત્માનો જ નાશ થઈ ગયો–એમ સંદેહ–ભય ને આકુળતા રહ્યા જ કરે છે, એટલે મરણનો ભય તેને રહ્યા જ કરે છે; જ્ઞાની તો જાણે છે કે મારું મરણ નથી, હું તો ધ્રુવ રહેનાર છું, સંયોગ ઘટતાં મારું કાંઈ ઘટતું નથી, ને પર્યાયનો નાશ થતાં મારો નાશ થઈ થતો નથી. સંયોગમાંથી કે નાશ પામતી પર્યાયમાંથી હું મારું સમ્યગ્દર્શનાદિ કાર્ય નથી લેતો, એટલે તે કોઈ મારું અપાદાન નથી; ધ્રુવ ટકતા મારા સ્વભાવમાંથી જ હું મારું સમ્યગ્દર્શનાદિ કાર્ય લઉં છું એટલે મારો આત્મા જ મારું અપાદાન છે.

સંયોગો કોઈ પણ ધ્રુવ નથી રહેતા, વિકારીભાવો પણ ધ્રુવ નથી રહેતા, એ બધાય પલટી જવા છતાં મારો ઉપયોગસ્વરૂપ આત્મા જ ધ્રુવ રહે છે, તેથી મારો આત્મા જ મારું શરણ છે. આ એક મારો શુદ્ધ આત્મા જ ધ્રુવ હોવાથી મારે શરણભૂત છે–એમ જાણીને ધર્મી શુદ્ધ આત્માનો જ આશ્રય કરે છે; શુદ્ધ આત્મા સિવાય બીજું બધુંય અધ્રુવ હોવાથી અશરણ છે, તેથી તે આશ્રય કરવા જેવું નથી. પ્રવચનસારમાં પ્રભુ કુંદકુંદસ્વામી કહે છે કે–

લક્ષ્મી, શરીર, સુખદુઃખ
અથવા શત્રુમિત્ર જનો અરે!
જીવને નથી કંઈ ધ્રુવ,
ધ્રુવ ઉપયોગ–આત્મક જીવ છે. ૧૯૩.

શરીરો, ધન, સુખ–દુઃખના સંયોગો અથવા શત્રુ–મિત્રજનો એ કાંઈ જીવને ધ્રુવ નથી, ધ્રુવ તો ઉપયોગ–સ્વરૂપ આત્મા છે. આમ હોવાથી હું અધ્રુવ એવાં શરીરાદિકને ઉપલબ્ધ કરતો નથી એટલે કે તેમનું શરણ લેતો નથી, ધ્રુવ એવા મારા શુદ્ધ આત્માને જ ઉપલબ્ધ કરું છું–તેનું જ શરણ લઉં છું. આ રીતે શુદ્ધ આત્માનો ધ્રુવ જાણીને તેમાં પ્રવૃત્તિવડે શુદ્ધાત્મત્વ હોય છે અને મોહનો નાશ થઈ જાય છે.

જે ધ્રુવ નથી રહેતા તે શરણરૂપ કેમ થાય? અને તેના આધારે સુખ કેમ થાય? સંયોગો અને વિકાર તો અધ્રુવ છે, તે અધ્રુવ શરણભૂત કેમ થાય? તે કોઈ જીવને શરણભૂત નથી. ધ્રુવરૂપ તો પોતાનો ઉપયોગ–સ્વભાવી આત્મા જ છે, તેનો કદી વિયોગ કે નાશ થતો નથી, તેથી તે જ શરણભૂત છે, ને તેના જ શરણે સુખ છે. માટે–

આ સર્વ જીવનિબદ્ધ, અધ્રુવ,
શરણહીન, અનિત્ય છે;

એ દુઃખ, દુઃખફળ જાણીને
એનાથી જીવ પાછો વળે.

( –શ્રી સમયપ્રાભૃતઃ ૭૪ )

જ્ઞાની–સમ્યગ્દ્રષ્ટિ–ધર્માત્મા પોતાના આત્મસ્વભાવને ધ્રુવ, શરણરૂપ, નિત્ય, સુખસ્વરૂપ અને અબંધ જાણીને નિર્ભયપણે પોતામાં એકાગ્ર થાય છે; ને પુણ્ય–પાપ વગેરેને પોતાના સ્વભાવથી ભિન્ન, અધ્રુવ, શરણહીન, અનિત્ય, દુઃખરૂપ તથા બંધનરૂપ જાણીને તેનાથી પાછા વળે છે.

વિકારમાં–કોઈ પણ શુભરાગમાં પણ–એવી તાકાત નથી કે બીજી ક્ષણે તે ધ્રુવપણે ટકી શકે; અરે ! નિર્મળ પર્યાયમાં પણ એવી તાકાત નથી કે તે ધ્રુવપણે ટકી રહે. તે પર્યાય પોતે બીજી ક્ષણે નાશ પામી જાય છે, તેમાંથી બીજી પર્યાય આવતી નથી. એક પર્યાય નાશ પામવા છતાં, દ્રવ્ય સ્વભાવે ધ્રુવ ટકીને આત્મા પોતે બીજી–બીજી પર્યાયરૂપે પરિણમે છે, એટલે ધ્રુવમાંથી પર્યાય આવે છે. આવા ધ્રુવ–અપાદાનસ્વરૂપ આત્માની શ્રદ્ધા કરીને તેનું શરણ કરવું તે ધર્મ છે.

પુણ્ય–પાપ અને શરીર તો નાશ પામી જાય છે, તો બીજું કોઈ શરણ છે ?–કે હા...પુણ્ય–પાપ ને શરીરનો નાશ થવા છતાં પાછળ ધ્રુવપણે રહેનારો એવો જે સ્વભાવ તે જ શરણ છે. વિકારનો કે ક્ષણિક ભાવનો નાશ થતાં, બૌદ્ધ માન્યતાની જેમ આત્મા કાંઈ સર્વથા નાશ થઈ જતો નથી, તે ક્ષણિક ભાવોનો નાશ થવા છતાં જરાય હાનિ નહિ પામતો એવો એક ધ્રુવ સ્વભાવ આત્મામાં છે. ઉત્પાદ–વ્યય થાય છે તે ભાવ પણ આત્માનો જ છે, ને આ ધ્રુવ ટકતો ભાવ પણ આત્માનો છે.—એક સાથે તે બંને ભાવવાળો આત્માનો અનેકાન્ત સ્વભાવ છે.

એકલી પર્યાય ઉપર જ જેની દ્રષ્ટિ છે ને ધ્રુવભાવ ઉપર જેની દ્રષ્ટિ નથી તેને તો આત્માનું એકલું ક્ષણિકપણું જ ભાસે છે, એટલે તે તો ક્ષણિકના આશ્રયે અશરણપણે વર્તે છે, તેને નિર્મળતા કે શાંતિનો અનુભવ થતો નથી. જો પોતાનો ધ્રુવ ટકતો સ્વભાવ જાણે તો તે ધ્રુવમાં એકાગ્ર થઈને તેમાંથી નિર્મળ પર્યાયો કાઢે. જેમ રત્નની ખાણમાંથી રત્નો નીકળે, તેમ આ ચૈતન્યરત્નની ધ્રુવખાણ આત્મા છે, તેમાંથી સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ રત્નો નીકળે છે. વિકારની ખાણ ખોદે તો તેમાંથી સમ્યગ્દર્શનાદિ રત્નો ન નીકળે. આ અપાદાન–શક્તિ વર્ણવીને આચાર્યદેવ તને તારી ધ્રુવખાણ બતાવે છે... તેમાં ઊંડો ઊતરીને ધ્રુવખાણમાંથી સમ્યગ્દર્શનાદિ રત્નો કાઢ. પર્યાય તો ક્ષણેક્ષણે પલટી જાય છે, તે પલટતો ક્ષણિકભાવ શરણ આપતો નથી, તેમજ તેમાંથી સમ્યગ્દર્શનાદિ પ્રાપ્ત થતા નથી. ક્ષણિક– પર્યાયોનો નાશ થવા છતાં જેને જરાય આંચ નથી આવતી એવો ધ્રુવ–સ્વભાવ જ સમ્યગ્દર્શનાદિનું શરણ છે, ને તેમાંથી જ સમ્યગ્દર્શનાદિ પ્રાપ્ત થાય છે. જેમ સ્થિર વસ્તુ ઉપર નજર માંડે તો ત્યાં એકાગ્રતા થઈ શકે છે, પણ અસ્થિર વસ્તુ ઉપર નજરની એકાગ્રતા રહી શકતી નથી; તેમ સ્થિર એવો જે પોતાનો ધ્રુવસ્વભાવ, તેમાં ઉપયોગની એકાગ્રતા થઈ શકે છે; પણ અસ્થિર પર્યાયોમાં ઉપયોગની એકાગ્રતા થઈ શકતી નથી. ઉપયોગની પોતાના સ્વરૂપમાં એકાગ્રતા કરવી તેમાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગ આવી જાય છે.

ક્ષણિક પર્યાયો તો ઉત્પાદ–વ્યયથી આલિંગિત છે, તે કાંઈ ધ્રુવથી આલિંગિત નથી; ત્રિકાળી દ્રવ્યસ્વભાવ ધ્રુવથી આલિંગિત છે, તે કાંઈ ઊપજતો–વિણસતો નથી. નાશ પામતા ભાવમાંથી ( એટલે કે પર્યાયમાંથી ) ધર્મની ઉત્પત્તિ થતી નથી, પણ ધ્રુવ ટકતા ભાવમાંથી ( એટલે કે દ્રવ્યમાંથી ) ધર્મની ઉત્પત્તિ થાય છે. અને શુદ્ધદ્રવ્યની ધ્રુવતાના આશ્રયે જે ધર્મભાવ પ્રગટયો તે પણ ધ્રુવની સાથે સદાકાળ ટકી રહે છે;–જો કે તેમાં ઉત્પાદ–વ્યયરૂપ પરિણમન તો થયા જ કરે છે. પણ ધ્રુવના આશ્રયે તે પરિણમન શુદ્ધરૂપ જ થયા કરે છે, તેમાં વચ્ચે અશુદ્ધતા આવતી નથી. આ રીતે ધ્રુવપણે ટકીને ક્ષણેક્ષણે પોતાની શુદ્ધપર્યાયનું અપાદાન થાય–એવો આત્માનો સ્વભાવ છે. વિકાર આત્માના ધ્રુવસ્વભાવમાંથી નથી નીકળતો, તેથી તે વિકારનું અપાદાન થવાનો આત્માનો સ્વભાવ નથી.

જીવોને એમ થાય છે કે અમારે ક્યાંથી ધર્મ લેવો ? શરીરની ક્રિયામાંથી ધર્મ આવતો હશે ! પુણ્યમાંથી આવતો હશે ! કોઈ સ્થાનકમાંથી આવતો હશે !

આચાર્યદેવ સમજાવે છે કે : ધ્રુવમાંથી ધર્મ લે ! ધર્મની ખાણ તારો ધ્રુવઆત્મા જ છે, તે ધર્મનું સ્થાનક છે, તેમાંથી જ તારો ધર્મ આવે છે. એ સિવાય શરીરની ક્રિયામાંથી, રાગમાંથી, બહારના સ્થાનોમાંથી કે બીજે ક્યાંયથી તારો ધર્મ આવે તેમ નથી.

ઉત્પાદ–વ્યયરૂપ અવસ્થા તો બીજે સમયે હાનિ પામી જાય છે–તેનો નાશ થઈ જાય છે, તેથી એકલી અવસ્થાને જોતાં વાસ્તવિક સ્વરૂપે આત્મા દેખાતો નથી; પણ અવસ્થાનો નાશ થવા છતાં જેની હાનિ થતી નથી, જે ધ્રુવપણે ટકી રહે છે એવા સ્વભાવથી જોતાં આત્માનું વાસ્તવિક સ્વરૂપ જણાય છે. આત્મા એવો અખૂટ શક્તિનો ભંડાર છે કે તેમાંથી સદાય નિર્મળ પર્યાય લીધા જ કરો છતાં તેમાં જરા પણ હાનિ કે અધૂરાશ થતી નથી. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર ક્યાંથી કાઢશો ?–અખૂટ શક્તિનો ભંડાર છે તેમાંથી; દ્રવ્ય સ્વભાવ જ અખૂટ શક્તિનો ભંડાર છે, તેનો આશ્રય કરતાં પર્યાય સમયગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ થઈ જાય છે. એ સિવાય પર્યાયમાં એવી તાકાત નથી કે તેમાંથી સમ્યગ્દર્શનાદિ બીજી પર્યાય આવે.

જેમ ગયો કાળ પાછો નથી આવતો, પણ ભવિષ્યકાળ વર્તમાન–વર્તમાનરૂપ થતો આવે છે, તેમ વીતી ગયેલી પર્યાય પાછી નથી આવતી, જે વીતી જાય છે તે પર્યાયમાંથી બીજી પર્યાય નથી આવતી, પણ ત્રિકાળ ટકતું દ્રવ્ય જ વર્તમાન–વર્તમાન પર્યાયરૂપ થતું આવે છે અર્થાત્ દ્રવ્યમાંથી જ પર્યાય આવે છે, માટે જેણે ધર્મ કરવો હોય તેણે ધ્રુવસ્વભાવની સામે જોવું. જ્ઞાન–દર્શન–આનંદથી ભરેલા ધ્રુવસ્વભાવમાં એકતા કરીને જે પર્યાય થાય છે તે પર્યાય પણ સમ્યક્ જ્ઞાન–દર્શન–આનંદસ્વરૂપ થાય છે, ને તે જ ધર્મ છે.

આત્માનો ધ્રુવસ્વભાવ જ્ઞાન–આનંદથી ભરેલો છે, તેમાંથી વિકાર નથી આવતો, વિકાર તો પર્યાયનો ક્ષણિકભાવ છે અને તે પણ પરાશ્રયે થયેલો ભાવ છે. આત્માનો ધ્રુવસ્વભાવ તો એવો છે કે તેમાંથી જ્ઞાન–આનંદ જ નીકળ્યા કરે; ગમે તેટલા જ્ઞાન–આનંદ તેમાંથી કાઢો છતાં ખૂટે નહિ કે ઘટે પણ નહિ. આત્માના ધ્રુવ–સ્વભાવમાંથી આનંદ પ્રગટ કરી કરીને કરોડો–અબજો–અસંખ્ય વર્ષો સુધી તેનો ભોગવટો કર્યો, તો હવે આત્મામાંથી આનંદ ખૂટી તો નહિ જાય ને ?–એમ ધર્મીને શંકા નથી પડતી. ધર્મી તો પોતાના ધ્રુવસ્વભાવને અવલંબીને આનંદના ભોગવટામાં પડયા છે, સ્વભાવની દ્રષ્ટિમાં તે એવા નિઃશંક છે કે સાદિ–અનંતકાળ સુધી સિદ્ધદશામાં પરિપૂર્ણ આનંદ સમયે સમયે ભોગવ્યા જ કરીશ છતાં મારા સ્વભાવનો આનંદ ખૂટશે નહિ–એવી મારા ધ્રુવસ્વભાવની અચિંત્ય તાકાત છે. અહો ! મારા દ્રવ્યનું કોઈ અચિંત્ય સામર્થ્ય છે કે સમયે સમયે પરિપૂર્ણ જ્ઞાન–આનંદ આપ્યા જ કરે છતાં અનંતકાળે પણ મારું સામર્થ્ય જરા ય ઓછું ન થાય.

જુઓ, આ આત્માની અપાદાન શક્તિ ! આમાં ઉત્પાદ–વ્યય–ધ્રુવ ત્રણે બતાવી દીધા છે. એકલા ઉત્પાદ–વ્યય જેટલો જ આત્મા નથી, પણ ધ્રુવપણે ટકીને ઉત્પાદ–વ્યય કરનારો છે. અપાદાનશક્તિથી આત્મા એવો ધ્રુવ છે કે તેમાંથી જ્યારે નિર્મળતા કાઢવી હોય ત્યારે નીકળે, અને જેટલી કાઢવી હોય તેટલી નીકળે. અનાદિ કાળથી વિકાર કર્યો માટે ધ્રુવમાંથી નિર્મળતા આપવાની શક્તિ હણાઈ ગઈ–એમ નથી; ધ્રુવસ્વભાવની શક્તિ તો એવી ને એવી પરિપૂર્ણ વર્તી જ રહી છે, જ્યારે અંતર્મુખ થઈને તેને પકડે ત્યારે તેમાંથી નિર્મળતા પ્રગટે છે, અને તેમાં જેટલો એકાગ્ર થાય તેટલી નિર્મળતા પ્રગટે છે. પોતામાંથી નિર્મળતા આપી આપીને દ્રવ્ય કદી થાકી જાય કે નિર્મળપર્યાય આપતું અટકી જાય એમ બનતું નથી; દ્રવ્યની શક્તિ રંચમાત્ર ઘટતી નથી. એક પર્યાય પલટીને બીજી, બીજી પલટીને ત્રીજી, ત્રીજી પલટીને ચોથી, ચોથી પલટીને પાંચમી...એમ અનંતકાળ સુધી ધ્રુવમાંથી નિર્મળપર્યાયો આવ્યા જ કરે છતાં ધ્રુવશક્તિનો ભંડાર જરાય ઘટતો નથી. અહો ! આવા ધ્રુવસ્વભાવને જે પ્રતીતમાં લ્યે તે સાધક થઈ જાય, ને તેને ધ્રુવમાંથી નિર્મળપર્યાયોનો જ પ્રવાહ અખૂટપણે ચાલ્યા કરે. રાગમાંથી કે પરમાથી હું કાંઈ લાભ લઉં–એવી બુદ્ધિ તેને સ્વપ્ને ય ન રહે. મારા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ ધર્મનું અપાદાન ( જેનામાંથી તે પ્રાપ્ત થાય છે તે ) મારો આત્મા જ છે, બીજું કોઈ રાગાદિક મારા ધર્મનું અપાદાન નથી, તેમજ મારા આત્માનો સ્વભાવ નિર્મળપર્યાયોનું જ અપાદાન થવાનો છે, રાગાદિનું અપાદાન થવાનો મારા આત્માનો સ્વભાવ નથી. આવા સ્વભાવના ભાનમાં તેમાંથી રત્નત્રયરૂપ નિર્મળ પર્યાય પ્રગટ કરીને, તે નિર્મળ–પર્યાયના અપાદાનરૂપે ધર્મી પરિણમે છે. આ રીતે ધર્મીજીવને જ્ઞાનમાત્ર પરિણમનમાં 'અપાદાન શક્તિ' પણ નિર્મળપણે ભેગી જ ઊલ્લસે છે, એટલે 'જ્ઞાન–માત્ર' હોવા છતાં ભગવાન આત્માને અનેકાન્તપણું સ્વયમેવ પ્રકાશી રહ્યું છે.

કોઈ જીવો અનંતકાળ પહેલાં સિદ્ધ થયા, ને એક

અત્યારે સિદ્ધ થયા, તેમાં પહેલાં જે સિદ્ધ થયા તેમને પરિપૂર્ણ જ્ઞાન–આનંદની અનંતી પર્યાયો પ્રગટી ને નાશ પામી ગઈ, છતાં પણ ધ્રુવસ્વભાવ તેમને જરાય ઓછો થયો નથી. અનંતકાળ પહેલાં મોક્ષ પામ્યા તે સિદ્ધ, અને હમણાં મોક્ષ પામ્યા તે સિદ્ધ,–એ બંનેને ધ્રુવસ્વભાવનું સામર્થ્ય સરખું જ છે, ને આ આત્મામાં પણ એવું જ ધ્રુવસ્વભાવનું સામર્થ્ય છે. જ્યારે પ્રગટ કરે ત્યારે આ ધ્રુવશક્તિમાંથી જ નિર્મળપર્યાય આવવાની છે, બીજા કોઈમાંથી આવવાની નથી.–આવી અપાદાનશક્તિ આત્મામાં છે. પરમાણુ જડ હોવા છતાં તેનામાં પણ એવી અપાદાનશક્તિ છે કે, એક પરમાણુમાં અનાદિકાળથી વિધ વિધ અવસ્થા થઈ છતાં તેની ધ્રુવશક્તિ ખૂટી નથી ગઈ કે હવે અવસ્થા નહિ થાય. અનંતકાળ સુધી તેના ધ્રુવઅપાદાનમાંથી અવસ્થા થયા જ કરશે–એવી તેનામાં શક્તિ છે. પરંતુ અત્યારે પરમાણુની વાત નથી ચાલતી, અત્યારે તો જીવની શક્તિઓનું વર્ણન ચાલે છે. જીવના સ્વભાવને જાણતાં સમ્યગ્જ્ઞાન ખીલી જાય છે તે સ્વ–પરને યથાર્થ જાણે છે. જીવના સ્વભાવને જાણ્યા વગર પરનો સ્વભાવ પણ જાણી શકાતો નથી; માટે જીવના સ્વભાવને જાણવાની જ પ્રધાનતા છે. જો એક પણ શક્તિને યથાર્થ ઓળખે તો અખંડ આત્મ–સ્વભાવ લક્ષમાં આવ્યા વગર રહે નહિ, કેમ કે શક્તિ શક્તિમાનથી જુદી નથી. શક્તિ અને શક્તિમાન બંનેની પ્રતીત એક સાથે જ થાય છે. કોઈ કહે કે આત્માને તો ઓળખ્યો પણ આત્માની શક્તિઓ પ્રતીતમાં ન આવી,–તો તેણે ખરેખર આત્માને ઓળખ્યો જ નથી; તેમ જ કોઈ એમ કહે કે અમે આત્માની શક્તિને તો ઓળખી, પણ આત્માને નથી ઓળખ્યો,–તો તેણે ખરેખર આત્માની શક્તિને ઓળખી જ નથી. અનંતશક્તિમાન એવા આત્મસ્વભાવની સન્મુખ થયા વગર તેની કોઈ શક્તિની યથાર્થ પ્રતીત થતી જ નથી.

જગતમાં તો સંસારમાંથી જીવો ઘટે છે ને સિદ્ધમાં વધે છે;–જો કે સંસારી જીવોની સંખ્યા એટલી બધી (અક્ષય અનંત) છે કે તે કદી ખૂટતી નથી, છતાં જેટલા જીવો મોક્ષ પામે છે તેટલા સંસારમાંથી ઓછા તો થાય છે. પણ આત્મામાં અપાદાનશક્તિ તો એવી છે કે આત્મામાંથી અનંત અનંત પર્યાયો થઈને નાશ પામે છતાં તેના ધ્રુવસામર્થ્યનો એક અંશ પણ ઘટતો નથી, ધ્રુવઅપાદાન શાશ્વત એવું ને એવું છે, તેમાંથી પર્યાયો પરિણમ્યા જ કરે છે. જેમ લૌકિકમાં કહેવાય છે કે **विद्या दीयते वर्द्धमान:** વિદ્યા આપવાથી તે ઘટતી નથી પણ વધે છે; તેમ અહીં આત્મા જ્ઞાનવિદ્યાનો એવો લોકોત્તર ધ્રુવભંડાર છે કે તેમાંથી ગમે તેટલી વિદ્યા પર્યાયમાં આપે તોપણ તેની શક્તિ જરાય ખૂટતી નથી; એ જ રીતે શ્રદ્ધાગુણમાંથી ક્ષાયિકસમ્યગ્દર્શનની પર્યાયો સાદિ અનંતકાળ પ્રગટયા જ કરે છતાં તેની શક્તિ ઘટતી નથી; આનંદશક્તિમાંથી આનંદનો ભોગવટો લીધા જ કરો છતાં તેની શક્તિ જરાય ઘટતી નથી. આવા પોતાના ધ્રુવ સામર્થ્યની દૃષ્ટિ કરીને તેમાં એકાગ્રતાથી ધર્માત્મા નિર્મળપર્યાયરૂપે જ પરિણમ્યા કરે છે. ધ્રુવ સામર્થ્યવાળા આત્માને ઓળખતાં તેની દૃષ્ટિએ સાધકનું વહાણ મોક્ષપુરીમાં ચાલ્યું જાય છે. જેમ દરિયામાં ધ્રુવ તારાના લક્ષે વહાણ ચાલ્યા જાય છે, તેમ ધ્રુવ ચૈતન્યના વિશ્વાસે સાધકના વહાણ તરી જાય છે; ધ્રુવ ચૈતન્યસ્વભાવને જ દૃષ્ટિના ધ્યેયરૂપ રાખીને સાધક આત્માના વહાણ નિ:શંકપણે સિદ્ધપુરીમાં ચાલ્યા જાય છે. શરીર–મન–વાણી–પુણ્ય–પાપ કે પર્યાય એ બધાનો નાશ થવા છતાં તારો સ્વભાવ ધ્રુવ છે તે નાશ પામતો નથી કે તેનામાંથી કાંઈ ઘટતું નથી, માટે હે જીવ! તે ધ્રુવનો આશ્રય કર, ને અધ્રુવનો આશ્રય છોડ. ધ્રુવના આશ્રયે તે ધ્રુવસ્વભાવમાંથી સદાકાળ જ્ઞાન–આનંદમય નિર્મળ પર્યાયો જ નીકળ્યા કરશે. આ રીતે ધ્રુવ ચૈતન્યસ્વભાવના ભરોસે જ આત્માના વહાણ સંસારસમુદ્રથી તરીને મોક્ષપુરીમાં પહોંચી જાય છે. બીજો કોઈ સંસારથી તરવાનો ઉપાય નથી.

આત્માનો સ્વભાવ એવા અપાદાનરૂપ છે કે તેમાંથી નિર્મળપર્યાયોની પૂર્તિ થયા જ કરે છે. આત્મામાં શુદ્ધતાનું ધ્રુવ ઉપાદાન થવાનો સ્વભાવ છે, પરંતુ અશુદ્ધતાનું ધ્રુવ ઉપાદાન થવાનો સ્વભાવ નથી. અશુદ્ધતા આત્માના ધ્રુવ દ્રવ્ય–ગુણ સાથે અભેદ થતી જ નથી, માટે દ્રવ્ય–ગુણ તેનું ઉપાદાન નથી.

આ કર્તા વગેરે સાત વિભક્તિ છે, તે આત્માના સ્વરૂપને પરથી વિભક્ત બતાવે છે ને સ્વથી એકત્વ બતાવે છે. કર્તા શક્તિ બીજાના કર્તૃત્વથી ભિન્નતા બતાવે છે, કર્મશક્તિ વિભાવકર્મથી ને જડ કર્મથી ભિન્નતા બતાવે છે, કરણશક્તિ પોતાના સ્વભાવને જ

સાધન બતાવીને, અન્ય સાધનોથી ભિન્નતા બતાવે છે, સંપ્રદાન શક્તિ ભિન્ન સંપ્રદાનનો અભાવ બતાવે છે, અપાદાન શક્તિ પોતાથી ભિન્ન બીજા અપાદાનથી પૃથક્પણું બતાવે છે, અધિકરણશક્તિ પોતાનો જ આધાર બતાવીને ભિન્ન આધારની ઉપેક્ષા કરાવે છે, ને સંબંધશક્તિ પરના સંબંધથી રહિતપણું બતાવીને સ્વમાં એકતા કરાવે છે. આ રીતે આત્માની આ બધી શક્તિઓ આત્માને પરથી જુદો જણાવીને સ્વભાવમાં એકતા કરાવે છે. સમયસારની શરૂઆતમાં જ આચાર્યદેવે કહ્યું હતું કે–

દર્શાવું એક વિભક્ત એ આત્મા તણા નિજવિભવથી,

દર્શાવું તો કરજો પ્રમાણ, ન દોષ ગ્રહ સ્ખલના યદિ. ૫

જીવોએ અનાદિથી નહીં જાણેલું એવું આત્માનું એકત્વવિભક્ત સ્વરૂપ હું મારા સમસ્ત આત્મવૈભવથી બતાવીશ, અને તમે તમારા આત્મવૈભવથી તે પ્રમાણ કરજો. એ પ્રમાણે આચાર્યદેવે ઘણા ઘણા પ્રકારે આત્માને સ્વભાવથી એકત્વરૂપ ને પરભાવોથી અત્યંત વિભક્તરૂપ ઓળખાવીને ભવ્ય જીવો ઉપર મહાઉપકાર કર્યો છે.

અહીં આત્માના જ્ઞાનાદિનું અપાદાન આત્મા પોતે જ છે, આત્માથી ભિન્ન બીજું કોઈ અપાદાન નથી, એમ કહીને આત્માનું એકત્વ–વિભક્તસ્વરૂપ બતાવ્યું છે.

જેમાંથી આવે તેને અપાદાન કહેવાય; જ્ઞાન ક્યાંથી આવે છે?

શું શરીરમાંથી જ્ઞાન આવે છે?–ના; માટે શરીર તે જ્ઞાનનું અપાદાન નથી.

શું વાણી કે શાસ્ત્રમાંથી જ્ઞાન આવે છે?–ના; માટે વાણી કે શાસ્ત્ર તે જ્ઞાનનું અપાદાન નથી.

શું રાગમાંથી જ્ઞાન આવે છે?–ના; માટે રાગ તે જ્ઞાનનું અપાદાન નથી.

આત્મામાંથી જ જ્ઞાન આવે છે. માટે આત્મા જ જ્ઞાનનું અપાદાન છે.

જુઓ, આ ધિંગ ધણી! પોતાનો ધ્રુવસ્વભાવ તે જ ધિંગ ધણી છે. 'ધિંગ ધણી માથે કિયો....' ત્યાં બહારમાં ભગવાનને કે ગુરુને ધિંગ ધણી ધારવા તે વ્યવહાર છે; અ તો કહે છે કે 'ધ્રુવ–ધણી માથે કિયો રે...' અંતર્દ્રષ્ટિમાં પોતાના ધ્રુવ ચિદાનંદસ્વભાવને જ ધણી તરીકે સ્વીકાર્યો; તેનામાં જ એવી તાકાત છે કે સમ્યગ્દર્શનાદિનું રક્ષણ અને પોષણ કરે છે; પોતામાંથી જે નિર્મળપર્યાય પ્રગટી તેને ટકાવી રાખે, ને જે નથી પ્રગટી તે પોતામાંથી આપે; આ રીતે આત્મા પોતે જ પોતાનો ધિંગ ધણી છે, પોતે પોતાના જોગ–ક્ષેમનો કરનારો નાથ છે.

આત્માના ધ્રુવસ્વભાવથી બહારમાં વલણ તે સંસારની ખાણ છે, ને આત્માનો ધ્રુવસ્વભાવ તે મોક્ષની ખાણ છે. માટે બાહ્ય પદાર્થોથી અત્યંત ભિન્નતા જાણીને તારા ચિદાનંદ ધ્રુવસ્વભાવમાં એકતા કર, તે જ ધર્મ છે, ને તે જ મોક્ષનો ઉપાય છે.

આ રીતે પરથી વિભક્ત ને સ્વભાવથી એકત્વરૂપ એવો આત્મા પોતે જ પોતાના ધર્મનું અપાદાન છે એમ આ ૪૫ મી શક્તિમાં બતાવ્યું.

–૪૫ મી અપાદાનશક્તિનું વર્ણન અહીં પૂરું થયું.

## શુદ્ધ રત્નત્રયની ભેટ

"નિયમ–સાર" એટલે શુદ્ધરત્નત્રય, શ્રી પદ્મપ્રભ મુનિરાજ કહે છે કે, આ 'નિયમ–સાર' એટલે કે શુદ્ધ રત્નત્રયનું સ્વરૂપ ભવ્ય જીવોના મોક્ષને માટે કહેવાય છે. એટલે શ્રોતાને પણ તેનું જ લક્ષ રહેવું જોઈએ કેઃ અહા! અમારા જેવા મોક્ષાર્થી ભવ્ય જીવોને શુદ્ધ રત્નત્રયની પ્રાપ્તિ માટે શ્રી મુનિરાજ આ નિયમસાર રચે છે,–કે જાણે કે એ નિયમસાર દ્વારા શુદ્ધ રત્નત્રયની જ ભેટ તેઓશ્રી અમને આપે છે. અહા, આત્માર્થી થઈને મુનિઓના આ કથનને અંદર જીવ મેળવે તોપણ તેને ખ્યાલ આવી જાય–નિર્ણય થઈ જાય–કે બસ! આવા અંતર્મુખ ભાવસ્વરૂપ જ મોક્ષમાર્ગ હોય, આ સિવાય બીજો મોક્ષમાર્ગ હોઈ જ ન શકે. સંતોએ મોક્ષમાર્ગ એકદમ સ્પષ્ટ કરીને ખુલ્લો મૂકી દીધો છે. –પ્રવચનમાંથી

-પરમ શાંતિ દાતારી-

# 卐 અધ્યાત્મ ભાવના 卐

## ભગવાનશ્રી પૂજ્યપાદ સ્વામી રચિત 'સમાધિશતક' ઉપર પરમપૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીના અધ્યાત્મભાવના-ભરપૂર વૈરાગ્યપ્રેરક પ્રવચનોનો સાર.

'આત્મધર્મ'ના ઘણા જિજ્ઞાસુ વાંચકો તરફથી સહેલા લેખોની માંગણી થતાં, અંક ૧૫૮ થી આ લેખમાળા શરૂ કરવામાં આવી છે. આ પ્રવચનો અધ્યાત્મરસથી ભરપૂર હોવા છતાં સરળ અને સહેલાઈથી સમજી શકાય તેવાં છે;–આથી વાંચકવર્ગને આ લેખમાળા વિશેષ પસંદ પડી છે.

આ "સમાધિશતક" ના રચનાર શ્રી પૂજ્યપાદસ્વામી લગભગ ૧૪૦૦ વર્ષ પહેલાં થઈ ગયેલા મહાન દિગંબર સંત છે; તેમનું બીજું નામ દેવનંદી હતું; તેઓ વિદેહક્ષેત્રે સીમંધર ભગવાન પાસે ગયા હતા એવો પણ શિલાલેખોમાં ઉલ્લેખ છે. તેમણે તત્ત્વાર્થસૂત્રની 'સવાર્થસિદ્ધિ' ટીકા તથા જૈનેન્દ્રવ્યાકરણ વગેરે મહાન ગ્રંથો રચ્યા છે. તેમની અગાધબુદ્ધિને લીધે યોગીઓએ તેમને 'જિનેન્દ્રબુદ્ધિ' કહ્યા છે.–આવા મહાન આચાર્યના રચેલા સમાધિશતક ઉપરનાં આ પ્રવચનો છે.

[ વીર સં. ૨૪૮૨, જેઠ સુદ ૧૨ ]

( સમાધિશતક ગા. ૨૨ )

અજ્ઞાનદશામાં તો દેહને જ આત્મા માનીને ભ્રમથી વ્યર્થ ચેષ્ટાઓ કરી; પણ હવે દેહથી ભિન્ન ચૈતન્યમૂર્તિ આત્માનું ભાન થતાં જ્ઞાનીની ચેષ્ટા કેવી થઈ જાય છે તે બતાવે છે–

यथाऽसौ चेष्टत स्थाणौ निवृत्ते पुरुषाग्रहे।
तथा चष्टोऽस्मि देहादौ विनिवृत्तात्मविभ्रमः।।२२।।

જ્ઞાની જાણે છે કે, ઝાડના ઠુંઠાને પુરુષ માનીને વ્યર્થ ચેષ્ટા કરનાર તે મનુષ્યને જ્યારે ખબર પડે કે અરે, આ તો પુરુષ નથી પણ ઝાડનું ઠુંઠું છે.–ત્યારે તેની સાથે ઉપકાર વાતચીત વગેરેની કલ્પના છોડી

દેવાની ચેષ્ટા કરે છે; તેમ મેં અજ્ઞાનદશામાં તો દેહને જ આત્મા માનીને વ્યર્થ ચેષ્ટાઓ કરી, ને હું દુઃખી થયો, પણ હવે મને ભાન થયું કે અરે, આ દેહ તો જડ છે, તે મારો ઉપકારી કે અપકારી નથી, તે મારાથી ભિન્ન છે, હું તો અરૂપી ચિદાનંદ આત્મા છું.–આવું ભાન થતાં શરીરની ચેષ્ટાઓ પ્રત્યે હવે મને ઉદાસીનતા થઈ ગઈ છે, અર્થાત્ શરીરની ચેષ્ટા મારી છે–એમ હવે મને જરા પણ ભાસતું નથી, શરીરની ચેષ્ટાવડે મારું કાંઈ સુધરે કે બગડે–એવી ભ્રમણા હવે છૂટી ગઈ છે.

આ દેહાદિથી જુદો, જ્ઞાનાનંદસ્વરૂપ જ હું છું–એવું જ્યાં સ્વસંવેદનથી સમ્યક્ ભાન થયું ત્યાં ધર્માત્મા જાણે છે કે અરે! અત્યારસુધી તો પત્થરમાં પુરુષની ભ્રાંતિની માફક આ અચેતન શરીરને જ મેં આત્મા માન્યો ને તેની સાથે વ્યર્થ ચેષ્ટાઓ કરી. જેમ અંધારાને લીધે કોઈ પુરુષ પત્થરને કે ઝાડના ઠુંઠને પુરુષ માનીને તેને બોલાવે, તેના ઉપર પ્રેમ કરે, તેની સાથે લડે, લડતાં લડતાં તે પોતાના ઉપર પડે ત્યાં એમ માને કે આણે મને દાબ્યો, અને કહે કે ભાઈસાબ! હવે ઊઠ... એમ અનેક પ્રકારે તેની સાથે ભ્રાંતિથી ચેષ્ટા કરે... પણ જ્યાં પ્રકાશ થાય ને દેખાય કે અરે, આ તો પુરુષ નથી પણ પત્થર છે–ઠુંઠ છે, મેં ભ્રાંતિથી વ્યર્થ ચેષ્ટા કરી....! તેમ અજ્ઞાનરૂપી અંધારાને લીધે અજ્ઞાની અચેતન શરીરાદિને જ આત્મા માનીને તેની સાથે પ્રીતિ કરતો, બાહ્ય વિષયોને પોતાના ઇષ્ટ–અનિષ્ટકારી માનીને તેમના પ્રત્યે રાગ–દ્વેષ કરતો, હું જ ખાઉં છું–હું જ પીઉં છું, હું જ બોલું છું, આ ઇન્દ્રિયો હું જ છું–એમ માનીને અનેક પ્રકારે ભ્રાંતિથી ચેષ્ટા કરતો, પણ હવે જ્યાં જ્ઞાન પ્રકાશ થયો... ને સ્વસંવેદનવડે આત્માને દેહથી ભિન્ન જાણ્યો ત્યાં ધર્મી જાણે છે કે અરે! આ દેહ તો અચેતન છે, તે હું નથી, છતાં તેને જ આત્મા માનીને અત્યારસુધી મેં વ્યર્થ ચેષ્ટાઓ કરી, પણ હવે એ ભ્રાંતિ ટળી ગઈ છે. જડ શરીરથી ભિન્ન આત્મા જાણ્યો છે એટલે જ્ઞાની ઇન્દ્રિયોનો દાસ નથી પણ તેનાથી ઉદાસ છે, અને અતીન્દ્રિય–આત્માનો દાસ (ઉપાસક) છે. અજ્ઞાની તો જડ ઇન્દ્રિયોને પોતાની માનીને તેનો જ દાસ થઈ રહ્યો છે. કાન–આંખ વગેરે ઇન્દ્રિયો સારી હોય તો હું શબ્દનું શ્રવણ, રૂપનું અવલોકન બરાબર કરી શકું–એમ માનીને અજ્ઞાની ઇન્દ્રિય વિષયોમાં જ રાગ–દ્વેષ કરીને તેનો દાસ થઈને, વિષયોનો ગુલામ થઈને વર્તે છે. મારો આત્મા પોતે જ્ઞાનાનંદસ્વરૂપ છે.–ઇન્દ્રિયોથી પાર છે–એવા સમ્યક્ભાનમાં ધર્મી જિતેન્દ્રિય વર્તે છે. તે જાણે છે કે મારું જ્ઞાન કે મારો આનંદ ઇન્દ્રિયવિષયોમાં નથી. હું પોતે જ જ્ઞાન ને આનંદસ્વરૂપ છું,–એટલે તેને બાહ્ય વિષયોમાં આત્મબુદ્ધિ થતી નથી.

આ આત્મા જ શરીર છે–એમ સીધી રીતે ભલે ન કહે, પણ બાહ્યવિષયોથી જ્ઞાન ને આનંદ થવાનું જે માને છે તે જીવ શરીરને જ આત્મા માને છે, તે પોતાને શરીરરૂપ જ માને છે. જીવ જેનાથી પોતાને જ્ઞાન ને સુખ થવાનું માને તેને 'આત્મા' જ માને છે. જે ઇન્દ્રિયોથી કે પરથી જ્ઞાનાનંદ થવાનું માને છે તે, જડને જ આત્મા માનીને તેના દાસપણે વર્તે છે. ધર્મી જાણે છે કે મેં પણ પૂર્વે અજ્ઞાનદશામાં ભ્રમણાથી દેહને જ આત્મા માનીને ચેષ્ટાઓ કરી...પણ હવે ભાન થયું કે આ દેહ તો મારાથી અત્યંત જુદો અચેતન છે; જેમ લાકડાનો થાંભલો મારાથી જુદો છે તેમ આ દેહ પણ મારાથી જુદો છે. હું તો અરૂપી ચૈતન્યસ્વરૂપી સ્વસંવેદ્ય છું. શરીરથી મારી જાત જ જુદી છે. શરીર રૂપી, હું અરૂપી; શરીર જડ, હું ચેતન; શરીર સંયોગી, હું અસંયોગી; શરીર વિનાશી, હું અવિનાશી; શરીર આંધળું, હું દેખતો; શરીર ઇન્દ્રિયગ્રાહ્ય, હું અતીન્દ્રિય–સ્વસંવેદનગ્રાહ્ય; શરીર મારાથી બાહ્ય પરતત્ત્વ, અને હું અંતરંગ ચૈતન્યમૂર્તિ સ્વતત્ત્વ; આ રીતે શરીરને અને મારે અત્યંત ભિન્નતા છે.

આવા અત્યંત ભિન્નપણાના વિવેકથી જ્યાં ભેદજ્ઞાન થયું અને યથાર્થ તત્ત્વશ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શન થયું ત્યાં શરીરાદિમાં આત્મબુદ્ધિનો ભ્રમ છૂટી ગયો, શરીરના સુધરવા–બગડવાથી મારું કાંઈ સુધરે કે બગડે–એવો ભ્રમ છૂટી ગયો, ને દેહાદિ પરદ્રવ્યોથી ઉપેક્ષિત થઈને ચિદાનંદસ્વભાવમાં વળ્યો... આનું નામ સમાધિ છે. ભિન્ન આત્મતત્ત્વના ચિંતન વિના સમાધિ થાય જ નહિ. પરદ્રવ્યોથી આત્માને ભિન્ન જાણ્યા વિના તેમનાથી ઉપેક્ષા થાય નહિ. પરદ્રવ્યોથી ઉપેક્ષા વિના સ્વતત્ત્વમાં એકાગ્રતા કેવી? અને સ્વતત્ત્વમાં એકાગ્રતા વગર સમાધિ કેવી? સમાધિ વગર સુખ કે શાંતિ કેવાં? માટે સૌથી પહેલાં ભેદજ્ઞાનના અભ્યાસવડે દેહાદિથી ભિન્ન જ્ઞાનાનંદ–સ્વરૂપ આત્માને જાણવો તે જ સમાધિનું મૂળ છે. ।।૨૨।।

હવે, 'હું પુરુષ, હું સ્ત્રી, હું નપુંસક' એમ બાહ્ય લિંગમાં આત્માની જે ભ્રમણા, તેમજ 'હું એક, હું બે' ઇત્યાદિ સંખ્યામાં આત્માની જે ભ્રમણા, તે દૂર કરવા માટે, લિંગ અને સંખ્યાથી જાુદું અસાધારણ આત્મસ્વરૂપ બતાવે છે–

येनात्मनाऽनुभूयेऽहमात्म- नैवात्मनात्मनि।
सोऽहं न तन्न सा नासौ नैको न द्वौं न वा बहुः।। २३।।

ચૈતન્યસ્વરૂપ આત્માવડે, આત્માને અનન્યપણે આત્માના સ્વસંવેદનથી આત્માની સ્વરૂપમાં હું અનુભવું છું તે જ હું છું, એ સિવાય સ્ત્રી–પુરુષ વગેરે ચિહ્નો કે એક–બે વગેરે સંખ્યાના વિકલ્પો તે હું નથી. સ્વસંવેદનગમ્ય ચૈતન્ય જ મારું ચિહ્ન છે.

સ્ત્રીપણું, પુરુષપણું વગેરે ચિહ્નોવડે તો શરીર ઓળખાય છે, પણ તે ચિહ્નોવડે કાંઈ આત્મા નથી ઓળખાતો. વ્યાકરણના વચનો અને વિભક્તિઓ અરૂપી આત્માને સ્પર્શતા નથી એટલે કે ભાષાના શબ્દોથી ગમ્ય થાય એવો આત્મા નથી, આત્મા તો પોતે પોતાથી જ સ્વસંવેદનગમ્ય છે. આવા આત્માને જે જાણે છે તેને જ સમાધિ–સુખ–શાંતિ અથવા ધર્મ થાય છે.

[ વીર સં. ૨૪૮૨ : જેઠ સુદ તેરસ ]

સમાધિને માટે દેહાદિથી ભિન્ન સ્વસંવેદ્ય જ્ઞાનાનંદ સ્વરૂપી આત્માની ભાવનાનું આ વર્ણન ચાલે છે. પુરુષપણું–સ્ત્રીપણું વગેરે શરીરના આકારો તે હું નથી, તેમજ તે સંબંધી વિકાર પણ ઉપાધિભાવ છે તે મારા સ્વસંવેદ્ય આત્માથી બાહ્ય છે. વળી હું એક છું–અનેક છું ઇત્યાદિ વિકલ્પોથી પણ હું પાર છું, બાહ્ય લિંગો અને સંખ્યાના ભેદોથી પાર જ્ઞાનાનંદસ્વરૂપ જ હું છું. શરીર આધેય ને હું તેનો આધાર, અથવા હું આધેય ને શરીર મારો આધાર–એવું આધાર–આધેયપણું તો મારે નથી; તેમજ જ્ઞાનાદિ ગુણો આધાર ને આત્મા આધેય એવો આધારઆધેયનો ભેદ પણ મારા એકાકાર સ્વરૂપમાં નથી, આધાર–આધેયના ભેદવડે અનુભવમાં આવું એવો હું નથી, ભેદના વિકલ્પ રહિત નિર્વિકલ્પ સ્વસંવેદનગમ્ય હું છું–આમ ધર્મી પોતાના આત્માની ભાવના કરે છે. ।। ૨૩।।

હવે જ્ઞાનીને કોઈ પૂછે કે તમે જે આત્માને અનુભવો છો તે કેવો છે? કેવા આત્મસ્વરૂપને તમે અનુભવો છો? –એમ પૂછતાં જ્ઞાની કહે છે કે–

यदभावे सुषुप्तोऽहं यद्भावे व्युत्थितः पुनः।
अतीन्द्रियमनिर्देश्य तत्स्वसंवेद्यमस्म्यहम्।।२४।।

જેના અભાવમાં હું સુષુપ્ત હતો એટલે કે જે શુદ્ધાત્માના સંવેદનની ઉપલબ્ધિ વિના અજ્ઞાનરૂપી ઘોર નિંદ્રાથી હું ઘેરાયેલો હતો, મારા જ્ઞાનચક્ષુ બીડાઈ ગયા હતા, અને હવે જેના સદ્ભાવથી હું જાગૃત થયો, જે શુદ્ધાત્માના સંવેદનની ઉપલબ્ધિ થતાં મારા જ્ઞાનચક્ષુ ખૂલી ગયા, તથા જે ઇન્દ્રિયો અને વિકલ્પોથી અગોચર, અતીન્દ્રિય છે એવો સ્વસંવેદ્ય હું છું. આવા સ્વસંવેદ્ય આત્માને જ હું અનુભવું છું. એ સિવાય દેહાદિ કોઈ પરદ્રવ્યો મને મારાપણે જરા પણ ભાસતા નથી.

જ્યારે હું મારા આત્માને જાણતો ન હતો ત્યારે યથાર્થ તત્ત્વોના જ્ઞાનનો મને અભાવ હતો, કોઈ તત્ત્વોના સ્વરૂપને હું યથાર્થ જાણતો ન હતો અને ગાઢ મોહની નિદ્રામાં સૂતો હતો. પણ હવે શુદ્ધ ચૈતન્યતત્ત્વનું મને ભાન થતાં હું જાગ્યો ને બધા તત્ત્વોના યથાવત્ સ્વરૂપને જાણવારૂપે હું પરિણમ્યો. આવું શુદ્ધ ચૈતન્યતત્ત્વ હું છું, કે જેના અભાનથી હું સુપ્ત હતો ને હવે જેના ભાનથી હું જાગ્યો. કેવું છે મારું સ્વરૂપ? અતીન્દ્રિય છે અને વચનના વિકલ્પોથી અગોચર છે; માત્ર સ્વસંવેદનગમ્ય છે. વ્યવહારના વિકલ્પોથી કે રાગથી ગ્રહણ થાય એવું મારું સ્વરૂપ નથી, મારું સ્વરૂપ તો અંતરના સ્વસંવેદનવડે જ અનુભવમાં આવે તેવું છે.

'जो सुत्तो ववहारे सो जोई जग्गए सकज्जम्मि।
जो जग्गदि ववहारे सो सुत्तो अप्पणे कज्जे।।'

"મોક્ષપ્રાભૃત"ની આ ગાથામાં કુંદકુંદાચાર્યદેવ કહે છે કે જે જીવો વ્યવહારમાં સૂતેલા છે તેઓ પોતાના આત્મકાર્યમાં જાગૃત છે; અને જેઓ વ્યવહારમાં જાગે છે તેઓ પોતાના આત્મકાર્યને માટે ઊંઘે છે. વ્યવહારનો આશ્રય કરીને લાભ માનનાર જીવ અજ્ઞાની છે, તે શુધઆત્માને જાણતો નથી તેમજ બીજા તત્ત્વોના સ્વરૂપને પણ તે જાણતો નથી, માટે તે મોહનિદ્રામાં સુતેલો

છે. જ્ઞાની તો પોતાના ચિદાનંદસ્વરૂપને દેહાદિથી તથા રાગાદિથી ભિન્ન જાણીને તેની ભાવનામાં જાગૃત છે ને વ્યવહારમાં તે અજાગૃત છે એટલે કે રાગાદિ પ્રત્યેનો તેનો ઉત્સાહ તૂટી ગયો છે...ચૈતન્યસ્વરૂપમાં જ ઉત્સાહ વર્તે છે.

ધર્મી કહે છે કે અરે! અત્યાર સુધી મારા ચૈતન્યસ્વરૂપને ભૂલીને હું અજ્ઞાનરૂપી નિદ્રામાં અસાવધાનપણે સુતો...પણ હવે ચૈતન્યસ્વરૂપને જાણીને હું જાગ્યો ને સાવધાન થયો. મેં મારા સ્વરૂપને ઇન્દ્રિયોથી પાર જાણ્યું, રાગથી પાર જાણ્યું, સિદ્ધ જેવા અતીન્દ્રિય જ્ઞાન-આનંદસ્વરૂપ મારા આત્મસ્વરૂપને મેં સ્વસંવેદનથી જાણ્યું...તેથી હવે હું જાગૃત છું.

જુઓ, ધર્મી સદાય જાગૃત છે ને અજ્ઞાની તો સદાય અસાવધાનીથી ઊંઘતો છે. હું જ્ઞાનાનંદસ્વરૂપ જ છું એવી આત્મજાગૃતિ ધર્મીને ક્ષણમાત્ર પણ ખસતી નથી, ઊંઘ વખતેય એવી જાગૃતિ-પ્રતીતિ છૂટતી નથી તેથી તે જાગૃત જ છે. અને મિથ્યાદ્રષ્ટિને ચૈતન્યસ્વરૂપમાં ઉત્સાહરૂપ જાગૃતિ નથી, આત્માને ભૂલીને તે તો ઊંઘે જ છે; જાગતો હોય-શાસ્ત્ર વાંચતો હોય-ભક્તિ વગેરે કરતો હોય તો પણ ચિદાનંદસ્વરૂપની જાગૃતિ વિના તે ઊંઘતો જ છે.

કોઈ એમ પણ કહે છે કે 'અજ્ઞાની ઊંઘતા સારા, કેમ કે ઊંઘમાં પાપ ન થાય'-તો તે વાત જૂઠી છે. ઊંઘ વખતેય અજ્ઞાનીને મિથ્યાત્વાદિ પાપોનું સેવન વર્ત્યા જ કરે છે. અને જ્ઞાનીને ઊંઘ વખતેય ચૈતન્યસ્વરૂપની પ્રતીતિરૂપ જાગૃતિ વર્ત્યા જ કરે છે, માટે અહીં તો એક જ નિયમ બતાવ્યો કે જેને શુધ્ધ ચૈતન્યની ઉપલબ્ધિ છે તે જ જાગે છે, અને જેને શુદ્ધ ચૈતન્યની ઉપલબ્ધિ નથી તે ઊંઘે જ છે. 'હું કોણ છું' તેનું મને અજ્ઞાનદશામાં ભાન ન હતું-હું બેભાન હતો; હવે મારા શુદ્ધ ચૈતન્યસ્વરૂપનું ભાન થતાં હું જાગ્યો ને સ્વસંવેદ્ય અતીન્દ્રિય ચૈતન્ય તત્ત્વને જ મેં મારાપણે અનુભવ્યું. -આમ ધર્મી પોતાના આત્મસ્વરૂપને અનુભવે છે.

જેમ ઊંઘમાં સૂતેલા મનુષ્યને આસપાસનું ભાન રહેતું નથી, તેમ દેહમાં આત્મબુદ્ધિ કરીને મોહનિદ્રામાં સૂતેલા પ્રાણીઓને સ્વ-પરનું કાંઈ ભાન નથી. સંતો સ્વ-પરનું ભેદજ્ઞાન કરાવીને તેની મોહનિદ્રા છોડાવે છે, ને તેને જગાડે છે કે અરે જીવ! તું જાગ...જાગ! જાગીને તારા ચૈતન્યપદને જો. તું પરમાં જાગૃતિ કરીને તારા ચૈતન્યપદને ભૂલી રહ્યો છે, એટલે અજ્ઞાન-રાત્રિમાં સૂતો છે, તેમાંથી હવે જાગ. જ્ઞાની તો પોતાના ચૈતન્યસ્વરૂપને દ્રષ્ટિમાં લઈને તેની સાધનામાં સદા જાગૃત છે. મધરાતે જગતના પ્રાણીઓ નિદ્રામાં સૂતા હોય પણ સંત-મુનિવરો તો મધરાતે પણ ચૈતન્યના ધ્યાનની મસ્તીમાં જાગતા હોય. અહીં તો કહે છે કે જ્યારથી ચિદાનંદ સ્વભાવનું સ્વસંવેદન થયું ત્યારથી આત્મા જાગ્યો. અજ્ઞાનીઓ રાગાદિ વ્યવહારમાં જ જાગૃત છે એટલે કે રાગમાં જ ઉત્સાહિત છે, ત્યારે જ્ઞાનીઓ તો રાગમાં ઉત્સાહરહિત છે. આ રીતે જે વ્યવહારમાં અજ્ઞાનીઓ જાગે છે. તેમાં જ્ઞાનીઓ સૂતેલા (એટલે કે આદર વગરના) છે; અને જ્ઞાનીઓ પોતાના જે ચૈતન્યતત્ત્વના સ્વસંવેદનમાં જાગૃત છે તેમાં અજ્ઞાનીઓ સૂતેલા છે-ભાન વગરના છે, તેમનાં જ્ઞાનચક્ષુ બીડાઈ ગયેલાં છે.

જ્યાં અંતર્મુખ થઈને અતીન્દ્રિય આત્માનું સ્વસંવેદન થયું ત્યાં ધર્મીના ચૈતન્યચક્ષુ ખૂલી ગયા, અનાદિની અજ્ઞાનનિદ્રા ઊડી ગઈ. તે કહે છે કે અહા! આવા મારા તત્ત્વને અયારસુધી કદી મેં નહોતું જાણ્યું, પણ હવે સ્વસંવેદનથી મેં મારા આત્મતત્ત્વને જાણી લીધું છે... હવે હું જાગૃત થયો છું. ।।૨૪।।

# જીવાસ્તિકાયનું વ્યાખ્યાન

## [ વીર સં. ૨૪૮૩, જેઠ વદ ૧૦ થી ૧૩ નાં પ્રવચનોમાંથી ]

શ્રી પંચાસ્તિકાય શાસ્ત્રની ૨૬ ગાથા સુધી પીઠિકા છે, તેમાં જીવાદિ છ દ્રવ્યો તથા પાંચ અસ્તિકાયનું સામાન્ય વર્ણન કર્યું. હવે ૨૭ મી ગાથાથી તે દરેક દ્રવ્યનું વિશેષ વર્ણન કરે છે. તેમાં પ્રથમ જીવદ્રવ્યનું વિશેષ વ્યાખ્યાન કરે છે. સંસારી અને સિદ્ધ એવા બે પ્રકારના જીવો છે; તેમાંથી પ્રથમ સંસારી જીવનું સ્વરૂપ ૨૭ મી ગાથામાં કહે છે, ને પછી સિદ્ધ જીવનું સ્વરૂપ ૨૮ મી ગાથામાં કહેશે.

[ ગાથા : ૨૭ ]

છે જીવ, ચેતયિતા, પ્રભુ, ઉપયોગચિહ્ન અમૂર્ત છે.
કર્તા અને ભોક્તા, શરીરપ્રમાણ, કર્મે યુક્ત છે.

સંસારી જીવનું ઉપાધિસહિત સ્વરૂપ કેવું છે, ને ઉપાધિ વગરનું સ્વરૂપ કેવું છે–એ બંને વાત આચાર્યદેવ સમજાવશે એટલે કે નિશ્ચયથી ને વ્યવહારથી બંને પ્રકારે વર્ણન કરશે.

સંસારમાં રહેલો આત્મા કેવો છે? ‘જીવ’ છે, ‘ચેતયિતા’ છે, ‘ઉપયોગલક્ષિત’ છે, ‘પ્રભુ’ છે, ‘કર્તા’ છે, ‘ભોક્તા’ છે, ‘દેહપ્રમાણ’ છે, ‘અમૂર્ત’ છે, અને ‘કર્મસંયુક્ત’ છે.–આ રીતે નવ વિશેષણોથી આત્માનું સ્વરૂપ વર્ણવ્યું છે. તે દરેક વિશેષણમાં નિશ્ચય અને વ્યવહાર એમ બબ્બે પ્રકાર ઉતારીને આચાર્યદેવ સમજાવશે.

જુઓ, આ પંચાસ્તિકાય કે છ દ્રવ્યના વર્ણનમાં જીવદ્રવ્યની જ મુખ્યતા છે, અર્થાત્ પંચાસ્તિકાયને કે છ દ્રવ્યોને જાણીને શુદ્ધજીવસ્વભાવ તરફ વળવું તે મૂળ પ્રયોજન છે. એકલું છ દ્રવ્યોનું જાણપણું તે મૂળ પ્રયોજન નથી પણ છ દ્રવ્યોને જાણીને, તેમાંથી શુદ્ધજીવને સાધવો–અનુભવવો તે મૂળ પ્રયોજન છે. જે કોઈ આસન્નભવ્ય જીવ સર્વજ્ઞ ભગવાને કહેલા જીવાદિ પદાર્થોને જાણીને, તેમાંથી શુદ્ધજીવાસ્તિકાય–સ્વરૂપ પોતાના આત્માનું સ્વસંવેદન કરીને તેમાં સ્થિર થાય છે તે જીવ ચારે ગતિનું નિવારણ કરીને મોક્ષદશારૂપ અનંત આત્મિક સુખને પામે છે.

છ દ્રવ્યોમાં જીવદ્રવ્યનું સ્વરૂપ કેવું છે તે અહીં વર્ણવે છે. આમાં નિશ્ચય અને વ્યવહાર બંને પ્રકારે જીવનું સ્વરૂપ બતાવ્યું છે; તથા આત્માનું આસ્રવ–બંધનું તેમજ સંવર–નિર્જરા–મોક્ષનું પણ વર્ણન આવી જાય છે.

### ચૈતન્યજીવનથી જીવનાર ‘જીવ’

“આત્મા નિશ્ચયે ભાવપ્રાણના ધારણને લીધે ‘જીવ’ છે.” આત્મા ચૈતન્યપ્રાણને ધારણ કરીને સદાય ટકતો હોવાથી–જીવતો હોવાથી ‘જીવ’ છે. ચૈતન્ય ને આત્માના ભાવ–

પ્રાણ છે, ને તેનાથી જ તેનું જીવન છે. આવા ચૈતન્યસ્વરૂપ આત્માનો નિર્ણય કરવો તે પ્રથમ સમ્યગ્જ્ઞાનરૂપ ધર્મ છે.

ધર્મી જાણે છે કે મારા આત્મામાં જ્ઞાન–દર્શન–સત્તા અને સુખ ત્રિકાળ છે, ને તે જ મારું જીવતર છે, તે જ મારા ખરા પ્રાણ છે. એ સિવાય આ શરીરથી, ઇન્દ્રિયોથી કે આયુ વગેરેથી આત્મા ટકતો નથી, તે તો બધાં આત્માને સંયોગરૂપ છે. આત્મા પરચીજને ધારે કે પરચીજથી આત્મા ટકે–એવું તેનું સ્વરૂપ નથી. આત્મા ત્રિકાળ ચૈતન્ય અને સુખને ધારણ કરીને ટકનારો છે. આત્માના પ્રાણ આત્માથી કદી છૂટે નહિ. જગતના બધાય જીવો જ્યાં પોતપોતાના ચૈતન્ય પ્રાણથી જ સદાય જીવી રહ્યાં છે, ત્યાં કોઈ બીજો તેને જીવાડે કે તે બીજાને જીવાડે–એ વાત ક્યાં રહી? આ ચૈતન્યરૂપ ભાવપ્રાણથી જીવ જીવે છે–તે નિશ્ચય છે–વાસ્તવિક સ્વરૂપ છે, ને તે ઉપાદેય છે. આ ભાવપ્રાણનો આત્માને કદી વિયોગ થતો નથી, તેના વડે જીવને ઓળખવો તે વાસ્તવિક ઓળખાણ છે.

હવે નિશ્ચયની સાથે સાથે સંયોગરૂપ વ્યવહારનું પણ જ્ઞાન કરાવે છે. નિશ્ચયથી તો ચૈતન્યરૂપ ભાવપ્રાણના ધારણને લીધે ‘જીવ’ કહ્યો; અને “વ્યવહારે દ્રવ્ય પ્રાણના ધારણને લીધે ‘જીવ’ છે. આ દ્રવ્યપ્રાણ તે જડ છે, તે ખરેખર આત્મામાં નથી, છતાં તેનું ધારણ કહેવું તે અસદ્ભૂતવ્યવહાર છે.

દસ પ્રાણ જડ પુદ્ગલોથી રચાયેલો છે, તેનાથી જીવવું તે કાંઈ આત્માનું ખરું જીવન નથી; પણ સંસાર અવસ્થામાં જીવને તેવા દસ પ્રાણોનો સંયોગ (પોતપોતાની યોગ્યતાનુસાર) હોય છે. પણ તે પ્રાણોને જ જીવનું સ્વરૂપ માને તો તેને જીવના ખરા સ્વરૂપની ઓળખાણ થતી નથી. દસ પ્રાણોનો સંયોગ તે તો ઉપાધિ છે, ઉપાધિ એટલે બહારથી આવી પડેલું; ઇન્દ્રિયો, શરીર વગેરે પ્રાણો કાંઈ આત્માના સ્વરૂપમાંથી રચાયેલા નથી, પણ જડ પુદ્ગલોમાંથી રચાયેલા છે. સંસારઅવસ્થામાં એવા પ્રાણોનો સંબંધ હોય છે, તેથી વ્યવહારે તે પ્રાણોને આત્માએ ધાર્યા છે–એમ કહ્યું. નિશ્ચયથી તો ચૈતન્ય–પ્રાણવડે જ ત્રિકાળ જીવે છે.

આ રીતે “જીવે તે જીવ”–એમ કહીને જીવના નિશ્ચય અને વ્યવહારરૂપ પ્રાણોનું વર્ણન કર્યું. તેમાં નિશ્ચયરૂપ ચૈતન્યભાવપ્રાણ છે તે જીવનું વાસ્તવિક સ્વરૂપ હોવાથી ઉપાદેય છે, અને દસ પ્રાણો પરમાર્થ જીવના સ્વરૂપથી ભિન્ન હોવાથી તે આદરણીય નથી.

### ચિત્સ્વરૂપ હોવાથી ‘ચેતયિતા’

નિશ્ચયથી આત્મા પોતે ચિત્સ્વરૂપ હોવાથી ચેતયિતા છે; અને વ્યવહારે એટલે કે ગુણગુણીભેદથી આત્મા ચિત્શક્તિયુક્ત હોવાથી ચેતયિતા છે.

‘આત્મા પોતે ચિત્સ્વરૂપ છે’–એમ અભેદ જાણવું તે નિશ્ચય છે; અને આત્મા તથા ચિત્શક્તિને ગુણગુણી–ભેદથી જાણવા તે વ્યવહાર છે. જુઓ, અંદર ને અંદર ગુણ–ગુણી વચ્ચે નિશ્ચય–વ્યવહાર બતાવ્યા; પરના સંબંધની તો વાત પણ ન લીધી. નિશ્ચયથી આત્મા પોતે જ ચિત્સ્વરૂપ છે, માટે ચેતયિતા છે–એમ ગુણગુણી ભેદને લક્ષમાં લેવો તે વ્યવહાર છે. અભેદના જ્ઞાનપૂર્વક ભેદને જાણવો તે વ્યવહાર છે. આત્મા રાગસ્વરૂપ કે ઇન્દ્રિયોસ્વરૂપ નથી, પણ પોતે ચિત્સ્વરૂપ હોવાથી ચેતયિતા છે, ચૈતન્ય જ તેનું સ્વરૂપ છે. આવો ચૈતન્યસ્વરૂપ આત્મા ઉપાદેય છે, ને રાગાદિ તે હેય છે. ચિત્શક્તિ તો આત્માનું વાસ્તવિક સ્વરૂપ છે; આત્મા ચૈતન્યશક્તિ સહિત છે–એમ ગુણી અને ગુણના ભેદથી કહેવું તે સદ્ભુતવ્યવહાર છે. નિશ્ચયથી ગુણગુણીભેદ નથી, એટલે આત્મા પોતે ચૈતન્યસ્વરૂપ છે, તેથી તે ચેતયિતા છે.

આ રીતે આત્માને ચેતયિતાસ્વરૂપે ઓળખવો. આ દેહ તો અચેતન છે, તેનાથી ભિન્ન અંદરમાં જે ચેતનારું તત્ત્વ છે તે આત્મા છે. દેહાદિ હું નહિ, રાગાદિ પણ હું નહિ, હું તો ચેતયિતાસ્વરૂપ છું,–આ પ્રમાણે ભેદજ્ઞાન કરીને ચેતયિતાસ્વરૂપે પોતાના આત્માનું ગ્રહણ કરવું; તે તાત્પર્ય છે.

### ‘ઉપયોગલક્ષણે લક્ષિત’

જુઓ, આ આત્મા કેવો છે તેની ઓળખાણ કરાવાય છે. પ્રથમ કહ્યું કે તે જીવ છે; પછી કહ્યું કે તે ચેતયિતા છે; હવે ત્રીજા બોલમાં કહે છે કે તે ઉપયોગલક્ષણે લક્ષિત છે. ઉપયોગ એટલે ચૈતન્યપરિણામ; તે ચૈતન્યપરિણામસ્વરૂપ ઉપયોગ નિશ્ચયથી આત્મા સાથે અભેદ છે, તેથી નિશ્ચયથી પોતાથી અભિન્ન એવા ઉપયોગવડે આત્મા લક્ષિત છે; અને વ્યવહારે ઉપયોગને તથા આત્માને લક્ષ્ય–લક્ષણભેદ છે, આત્મા લક્ષ્ય છે ને

ઉપયોગ તેનું લક્ષણ છે, તેથી વ્યવહારે ભેદરૂપ એવા ઉપયોગવડે લક્ષિત છે. આ રીતે નિશ્ચયે કે વ્યવહારે પણ આત્મા લક્ષિત છે. આ રીતે નિશ્ચયે કે વ્યવહારે પણ આત્મા 'ઉપયોગ–લક્ષિત' છે, દેહવડે કે રાગાદિવડે તે લક્ષિત નથી.

આત્મા પોતાના ચૈતન્યપરિણામસ્વરૂપ ઉપયોગ વડે લક્ષિત હોવાથી 'ઉપયોગલક્ષણે લક્ષિત' છે; આ ચૈતન્યપરિણામસ્વરૂપ ઉપયોગ નિશ્ચયથી આત્મા સાથે અપૃથગ્ભૂત છે. ઉપયોગે અંતર્મુખ થઈને આત્માને લક્ષમાં લીધો ત્યાં, તે ઉપયોગથી લક્ષિત આત્મા અને તેનો ઉપયોગ એ બંને અભેદ છે. આ રીતે અભેદ ઉપયોગથી આત્માને જાણે ત્યારે આત્માને જાણ્યો કહેવાય છે. આત્મા શરીરથી લક્ષિત નથી, રાગથી લક્ષિત નથી, એકલા પૃથગ્ભૂત ઉપયોગથી પણ લક્ષિત નથી, પણ અભેદ ઉપયોગવડે આત્મા લક્ષિત છે. દેવ–ગુરુ–શાસ્ત્ર તરફની ભક્તિનો ભાવ આવે, ત્યાં તે ભક્તિના રાગવડે આત્મા લક્ષિત થાય–એમ બનતું નથી; પણ અંતરમાં આત્મા સાથે એકમેકપણે વર્તતો જે ઉપયોગ, તેના વડે જ આત્મા લક્ષિત થાય છે. આ રીતે આત્મા 'ઉપયોગ–લક્ષણે લક્ષિત' છે. લક્ષ્યરૂપ એવો આત્મા, તે પોતે પણ ઉપયોગસ્વરૂપ છે, અને તેનું લક્ષણ પણ ઉપયોગ છે, તે ઉપયોગલક્ષણવડે આત્મા લક્ષિત છે.

નિશ્ચયથી આ ઉપયોગ આત્મા સાથે અભેદ છે. વ્યવહારથી ઉપયોગપરિણામને અને પરિણામી– આત્માને ભેદ છે. ઉપયોગને ભેદરૂપ કહેવો તે વ્યવહાર છે, ને ઉપયોગને આત્મા સાથે અભેદરૂપ જાણવો તે નિશ્ચય છે. આવા ઉપયોગવડે આત્મા લક્ષિત છે. પણ પરચીજ તો આત્માથી સદાય પૃથક જ છે, તેનાથી તો આત્મા (નિશ્ચયે કે વ્યવહારે પણ) લક્ષિત થતો નથી. જીવને પોતાના ગુણ સાથે અભેદ કે ભેદ બતાવીને નિશ્ચય–વ્યવહાર બતાવ્યા, પણ પર સાથે સંબંધ નથી.

આ રીતે "જીવ" "ચેતયિતા" અને "ઉપયોગ–લક્ષણે લક્ષિત"–એમ ત્રણ બોલથી આત્માનું સ્વરૂપ વર્ણવ્યું, અને તેમાં નિશ્ચય–વ્યવહાર બંને પ્રકાર બતાવ્યા. તે ટૂંકામાં આ પ્રમાણે–

(૧) નિશ્ચયથી ચૈતન્યસ્વરૂપ ભાવપ્રાણવડે સદા જીવે છે માટે "જીવ" છે.
વ્યવહારે દસ પ્રકારના દ્રવ્યપ્રાણોથી જીવે છે, તેથી જીવ છે.

(૨) નિશ્ચયથી આત્મા પોતે જ અભેદરૂપ ચૈતન્યસ્વરૂપ હોવાથી 'ચેતયિતા' છે.
ચૈતન્યગુણવડે આત્મા ચેતયિતા છે–એમ ગુણ–ગુણીભેદથી જાણવું તે વ્યવહાર છેઃ

(૩) નિશ્ચયથી આત્મા સાથે અભેદરૂપ એવા ઉપયોગવડે આત્મા લક્ષિત છે.

વ્યવહારે ભેદરૂપ એવા ઉપયોગથી લક્ષિત છે. (ઉપયોગ તે પરિણામ છે અને આત્મા પરિણામી છે, એવો ભેદ તે સદ્ભૂત વ્યવહાર છે.)

## આત્મા "પ્રભુ" છે.

હવે ચોથા બોલમાં કહે છે કે આત્મા પ્રભુ છે. આત્માથી અભિન્ન પરિણામરૂપ એવાં જે ભાવ આસ્રવ, બંધ, સંવર, નિર્જરા કે મોક્ષ તેને કરવામાં આત્મા પોતે સ્વયં સ્વતંત્ર 'ઇશ' હોવાથી 'પ્રભુ' છે. જાુઓ, આ આત્માની સ્વતંત્ર પ્રભુતા! કોઈ બીજો બળજોરીથી આત્માને આસ્રવ–બંધ કરાવે એવી આત્માની પરાધીનતા નથી, પણ આત્મા પોતે સ્વયં તે–રૂપે પરિણમવામાં 'ઇશ' એટલે કે સમર્થ હોવાથી તે પ્રભુ છે. આત્માના પરિણામનું પ્રભુત્વ કોઈ બીજાને નથી, આત્માને પોતાને જ પોતાના પરિણામનું પ્રભુત્વ છે. જાુઓ, ભાવબંધ કરવામાં પણ આત્મા સ્વયં સ્વતંત્ર હોવાથી પ્રભુ છે, પણ જડકર્મનો ઉદય આત્માને પરાધીન બનાવીને ભાવબંધરૂપે પરિણમાવે છે–એમ નથી. સમય સમયના પરિણમનમાં આત્મા પોતે જ પોતાનો પ્રભુ છે. અસંજ્ઞીપણામાં પણ ભાવબંધરૂપે પરિણમવામાં તે જીવ પોતે જ પોતાનો 'પ્રભુ' છે. વિકાર પર્યાય કે નિર્મળ પર્યાય બંનેમાં જીવ પોતે જ પોતાના પરિણામનો સ્વામી છે, પોતે જ પોતાના પરિણામને પોતાના સ્વાધીન છ કારકવડે કરતો હોવાથી પોતે પોતાનો 'પ્રભુ' છે.

બંધરૂપે કે મોક્ષરૂપે પરિણમવામાં આત્મા સ્વતંત્ર છે. કર્મનો ઉદય જીવને ભાવબંધરૂપે પરિણમાવે–એમ નથી, પણ જીવ પોતે પોતાની ઊંધાઈથી મિથ્યાત્વાદિ ભાવબંધરૂપે સ્વયં પરિણમે છે, તે ઊંધાઈમાં પણ તે "પ્રભુ" છે.

સંવર–નિર્જરા–મોક્ષરૂપ જે નિર્મળ પરિણામ, તેને કરવામાં પણ આત્મા સ્વયં સમર્થ હોવાથી "પ્રભુ" છે. સંવર–નિર્જરા–મોક્ષ તે આત્માના નિર્મળ "ભાવકર્મ" (કાર્ય) છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ જે ધર્મકાર્ય, તે

કરવામાં પણ આત્મા સ્વયં સમર્થ હોવાથી તે ‘પ્રભુ’ છે. જુઓ, આ રીતે આત્માની પ્રભુતાને ઓળખે ત્યારે છદ્રવ્યમાંથી જીવદ્રવ્યને જાણ્યું કહેવાય.

ધર્મનું કાર્ય કરવામાં (સંવર–નિર્જરારૂપે પરિણમવામાં) આત્માને કોઈ બીજાની સહાયની જરૂર પડે–એમ આત્મા પરાધીન પામર નથી, પણ બીજા કોઈની સહાય વગર સ્વયં પોતે સંવર–નિર્જરારૂપે પરિણમવાના સ્વાધીન સામર્થ્યવાળો “પ્રભુ” છે.

અજ્ઞાની કહે છે કે “સિદ્ધ ભગવાનને રાગદ્વેષ–મિથ્યાત્વરૂપ પરિણમન કેમ થતું નથી? કેમ કે તેમને તેવા પરદ્રવ્યનું નિમિત્ત નથી માટે”;–આ રીતે તેઓ આત્માને મોક્ષઅવસ્થામાં પણ પરાધીન મનાવે છે, તેમની દ્રષ્ટિ જ પરાધીન છે. ત્યારે અહીં તો આચાર્ય ભગવાન સ્પષ્ટ કહે છે કે મોક્ષરૂપે પરિણમવામાં આત્મા પોતે સ્વાધીન હોવાથી ‘પ્રભુ’ છે. પોતે પોતાની પ્રભુતાથી–સ્વાધીનપણે મોક્ષરૂપે પરિણમે છે ને રાગાદિરૂપે પરિણમતો નથી.– આવું જીવનું સ્વરૂપ છે.

અહા, જુઓ તો ખરા, કેટલું સ્પષ્ટ કથન છે!! ભાવકર્મોના આસ્રવ–બંધરૂપે કે સંવર–નિર્જરા–મોક્ષરૂપે પરિણમવામાં આત્મા પોતે ઇશ એટલે કે સમર્થ હોવાથી તે ‘પ્રભુ’ છે. આત્માની પ્રભુતા એવી છે કે બીજો કોઈ તેના પરિણમનમાં ડખલગીરી કરી ન શકે. આ રીતે આસ્રવ–બંધરૂપે કે સંવર–નિર્જરા–મોક્ષરૂપે પરિણમવામાં આત્માની પ્રભુતા છે–સ્વતંત્રતા છે એમ જે જાણે તે જીવનું વલણ આવા પ્રભુસ્વભાવી આત્મા તરફ જાય, એટલે તેનું પોતાનું પરિણમન તો આસ્રવ–બંધથી છૂટતું જાય ને સંવર–નિર્જરા–મોક્ષ તરફ ઝૂકતું જાય. આસ્રવ–બંધ, ને સંવર–નિર્જરા–મોક્ષ એ બધા ભાવોરૂપે પરિણમવાની પોતાની સ્વતંત્રતાનો જેને યથાર્થ નિર્ણય થાય, તે જીવ એકલા આસ્રવ–બંધરૂપે જ પરિણમ્યા કરે ને સંવર–નિર્જરારૂપે જરા પણ ન પરિણમે–એમ કદી બને જ નહિ. જીવસ્વભાવ તરફ ઝૂકીને જ, એટલે કે પોતે સંવર–નિર્જરારૂપે પરિણમીને જ, અને આસ્રવ–બંધથી પાછો ફરીને જ, આત્માના પ્રભુત્વ વગેરેનો યથાર્થ નિર્ણય થાય છે, અને ત્યારે જ પંચાસ્તિકાયનું, છ દ્રવ્યનું, સાત તત્ત્વોનું ને નવ પદાર્થોનું વાસ્તવિક જ્ઞાન થાય છે;–આ મૂળભૂત મહત્ત્વનો સિદ્ધાંત છે.

છ દ્રવ્યોમાંથી જીવનું આ વર્ણન ચાલે છે. “આત્મા પ્રભુ છે” તેનો અર્થ ચાલે છે. આસ્રવ, બંધ, સંવર, નિર્જરા ને મોક્ષ એવા પાંચ પ્રકારે જે ભાવકર્મ છે તેને કરવામાં આત્મા પોતે સ્વતંત્ર શક્તિમાન હોવાથી તે પ્રભુ છે. પોતાની મલિન કે નિર્મળ પર્યાયરૂપ ભાવકર્મનો કર્તા નિશ્ચયથી છે; પોતાના મિથ્યાત્વાદિ ભાવોને કે સમ્યક્ત્વાદિ ભાવોને કરવામાં આત્મા સ્વતંત્ર છે. (સમ્યગ્દર્શનાદિ નિર્મળ પર્યાયોને પણ ભાવકર્મ કહેવાય છે.)

સમ્યગ્દર્શન પછી પણ જે અવ્રતાદિ ભાવો છે તે કાંઈ કર્મની બળજબરીથી નથી થયા, પણ આત્માએ પોતે સ્વયં તેને કર્યા છે. વિકાર કરવામાં ને વિકાર ટાળવામાં આત્માની જ પ્રભુતા છે, બંનેમાં આત્મા પોતે સ્વતંત્રપણે કર્તા છે.

સમ્યગ્દ્રષ્ટિને પણ જે રાગ થાય છે તે રાગાદિરૂપે તે જીવનું પોતાનું પરિણમન હોવાથી તે જ તેનો કર્તા છે; પણ ‘સમકિતી રાગનો અકર્તા છે’ એમ કહ્યું છે તે, સમકિતી પોતાના સ્વભાવમાં એકમેકપણે રાગને નથી કરતો તે અપેક્ષાએ તેને અકર્તા કહ્યો છે.

જુઓ, “રાગાદિરૂપે પરિણમવામાં પણ આત્મા પોતે સ્વતંત્ર પ્રભુ છે”–એમ કહ્યું, તેનો અર્થ એવો નથી કે રાગ ક્રમબદ્ધ–પર્યાયમાં ભલે થયા કરે!–રે ભાઈ! શું એકલા વિકારમાં જ પરિણમવાની આત્માની પ્રભુતા કીધી છે?– કે વિકારમાં ને અવિકારમાં બંનેમાં પરિણમવાની આત્માની પ્રભુતા કીધી છે? વિકાર કે અવિકાર બંનેમાં સ્વતંત્રપણે પરિણમવાની મારા આત્માની પ્રભુતા છે–આમ જે નિર્ણય કરે તે ‘પ્રભુ’ થઈને નિર્મળરૂપે પરિણમે, વિકારરૂપ અલ્પ પરિણમન હોય તેની રુચિ તેને ન હોય. એકાંત આસ્રવ–બંધરૂપ મલિનભાવે પરિણમે તેણે ખરેખર આત્માની પ્રભુતાને જાણી જ નથી. આમ અંતર્મુખ સ્વભાવ તરફ વળીને નિર્મળ પર્યાયના કર્તારૂપે પરિણમ્યો ત્યાં પ્રભુતાનું ભાન થયું કે અહો, મારી આ સમ્યગ્દર્શનાદિ નિર્મળ પર્યાયરૂપે પરિણમવામાં મારી જ પ્રભુતા છે, મારી પર્યાયને કરવામાં હું જ સમર્થ છું, અને મલિન પર્યાયને કરવામાં પણ હું જ સ્વતંત્રપણે કર્તા હતો.

રત્નત્રય લક્ષણવાળા જે સંવર–નિર્જરારૂપ ભાવ છે તેને કરવામાં પણ આત્મા પોતે સ્વતંત્ર હોવાથી આત્મા પ્રભુ છે. આવા સંવર–નિર્જરારૂપ ભાવોના ધારક તે

ગુરુ છે; ને એકલા આસ્રવ–બંધરૂપ ભાવને કરનારા કુગુરુઓ છે; તેઓ પણ પોતાના મિથ્યાત્વાદિ ભાવોને કરવામાં સ્વતંત્ર હોવાથી 'પ્રભુ' છે. મિથ્યાત્વાદિ તે જીવનું મલિન ભાવકર્મ છે, ને સમ્યક્ત્વાદિ તે જીવનું નિર્મળ ભાવકર્મ છે; તે મલિન કે નિર્મળ બંને ભાવકર્મોને કરવામાં સ્વતંત્રપણે આત્મા પોતે સમર્થ હોવાથી આત્મા પ્રભુ છે.

મોક્ષ તે પણ આત્માનું પરમશુદ્ધ ભાવકર્મ છે, ને તે મોક્ષને કરવામાં આત્મા પોતે સ્વયં સમર્થ હોવાથી પ્રભુ છે. જુઓ, આ વસ્તુસ્વભાવ! કેવળજ્ઞાન–કેવળદર્શન–અનંતસુખ અને અનંતવીર્યસ્વરૂપ જે ભાવમોક્ષ તેને પ્રગટ કરવામાં આ આત્મા પોતે સમર્થ હોવાથી પ્રભુ છે. શું વજ્રકાય તે કાંઈ કેવળજ્ઞાન પ્રગટાવી દેવામાં સમર્થ છે?–ના; તે સમયે આત્મા પોતે પ્રભુ થઈને તે ભાવમોક્ષરૂપ પર્યાયને ઉત્પન્ન કરે છે.–આવો નિર્ણય ન કરે ત્યાં સુધી છ દ્રવ્યમાંથી જીવતત્ત્વને જાણ્યું ન કહેવાય.

"પરદ્રવ્યવડે આત્મા બંધરૂપે પરિણમાવાય છે"–એમ કહ્યું ત્યાં તો, તે બંધરૂપે પરિણમવાનો આત્માનો મૂળસ્વભાવ નથી, એટલે સ્વભાવના આશ્રયે આત્માને બંધરૂપ પરિણમન નથી થતું પણ પરસંગ કરવાથી જ બંધરૂપ પરિણમન થાય છે–એમ બતાવવા માટે નિમિત્તથી કહ્યું કે પરસંગવડે આત્મા બંધરૂપે પરિણમાવાય છે, પણ ખરેખર આત્મા સ્વતંત્રપણે કર્તા થઈને પોતાની ભાવબંધરૂપ કે મોક્ષરૂપ પર્યાયને પોતે જ કરતો હોવાથી પ્રભુ છે. ઊંચાઈમાં પણ પોતે સ્વતંત્ર પ્રભુ, ને સવળાઈમાં પણ પોતે સ્વતંત્ર પ્રભુ,–આવો નિર્ણય કરે તેને આસ્રવ–બંધરૂપ પરિણમન ટળીને, સંવર–નિર્જરા–મોક્ષરૂપ પરિણમન થયા વિના રહે નહિ.

આત્માની પર્યાયનો પ્રભુ આત્મા પોતે છે. જો બીજો તેનો કર્તા હોય તો એક પર્યાયના બે પ્રભુ થઈ જાય! જેમ બરણી માટે બે માણસ વચ્ચે ઝઘડો થાય,–એક કહે મારી, ને બીજો કહે મારી;–ત્યાં બરણી ફોડીને બંનેને અડધો અડધો કટકો આપે;–તેમ અહીં કાંઈ એક પર્યાયના બે ભાગ કરીને અડધો ભાગ આત્માનો ને અડધો ભાગ કર્મનો–એમ થાય એવું છે?–નહિ. આત્મા એકલો જ સ્વતંત્રપણે પોતાની પર્યાયનો કર્તા છે. આ રીતે નિશ્ચયથી આત્મા પોતાના ભાવકર્મરૂપ આસ્રવ–બંધ–સંવર–નિર્જરા ને મોક્ષનો સ્વતંત્ર સામર્થ્યવડે કર્તા હોવાથી પ્રભુ છે. આ રીતે નિશ્ચયથી પ્રભુતા બતાવી. હવે સંસારી જીવને વ્યવહાર પણ છે તે બતાવે છે.

"વ્યવહારે દ્રવ્યકર્મોનાં આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ કરવામાં સ્વયં ઇશ હોવાથી 'પ્રભુ' છે." દ્રવ્યકર્મોનો આત્મામાં અભાવ હોવાથી તે 'અસદ્ભૂત' છે, અને આત્માના ભાવકર્મ તે દ્રવ્યકર્મને નિમિત્ત હોવાથી તેનો કર્તા કહેવો તે 'વ્યવહાર' છે. જુઓ, આત્માના પુરુષાર્થનું નિમિત્ત પામીને કર્મોમાં પણ તે તે પ્રકારે સંવર–નિર્જરા વગેરે રૂપ પરિણમન થાય છે; આ રીતે વ્યવહારે કર્મો ઉપર આત્માની પ્રભુતા છે. અહીં આત્મા ભાવસંવરરૂપે પરિણમે ને સામે નિમિત્તરૂપ દ્રવ્યકર્મનો સંવર ન થાય–એમ બને નહિ. વ્યવહારમાં એમ ન કહ્યું કે આત્મા ઉપર કર્મની પ્રભુતા છે; પરંતુ કર્મ ઉપર આત્માની પ્રભુતા છે–એમ કહ્યું.

જુઓ, આ જીવની સ્વતંત્ર પ્રભુતા!

ઉપાદાનપણે આત્મા પોતાના પરિણામોને કરવામાં પ્રભુ છે, અને નિમિત્તપણે કર્મોના આસ્રવ–બંધ કે સંવર–નિર્જરાને કરવામાં સ્વતંત્ર હોવાથી આત્મા પ્રભુ છે. આ રીતે ઉપાદાન–નિમિત્તની સંધિ પણ બતાવી; આત્મા પોતે પ્રભુ થઈને–સ્વપુરુષાર્થવડે સમ્યગ્દર્શનાદિરૂપે પરિણમે અને ત્યાં નિમિત્તરૂપ મિથ્યાત્વાદિ કર્મો ન ખસે–એમ બને નહિ. નિશ્ચયથી જડની અવસ્થાનો કર્તા જડ પોતે છે, પણ આત્માનો ભાવ તેમાં નિમિત્ત હોવાથી વ્યવહારે કર્મના આસ્રવ–બંધ કે સંવર–નિર્જરાને કરવામાં આત્મા 'પ્રભુ' છે એમ કહ્યું છે.

પુદ્ગલકર્મો ન આવ્યા તે તો તે પુદ્ગલોની સ્વતંત્ર પર્યાય છે, પણ આત્મા પોતે જ્યાં ભાવસંવરરૂપે પરિણમ્યો ત્યાં દ્રવ્યકર્મોનો આસ્રવ થાય જ નહિ–એવો સંબંધ હોવાથી આત્માને દ્રવ્યકર્મોનો સંવર કર્યો–એમ પણ કહેવાય છે; કર્મરૂપે પુદ્ગલો પરિણમ્યા જ નહિ–એ રીતે તે અભાવમાં અહીં જીવના સંવરભાવને નિમિત્ત કહ્યું.

હવે નિર્જરામાં અહીં જીવ વિશેષ શુદ્ધતારૂપે પરિણમતો જાય છે ત્યાં સામે કર્મના ઉદયનો સદ્ભાવ હોવા છતાં તેમાં જીવનું જોડાણ નથી તેથી તેની નિર્જરા કહી, અને તેમાં જીવના ભાવને નિમિત્ત કહ્યું.

સંવરમાં તો કર્મરૂપ પરિણમનનો અભાવ છે તેમાં જીવનો ભાવસંવર નિમિત્ત છે. અને નિર્જરામાં સામે કર્મના ઉદયનું અસ્તિત્વ હોવા છતાં તેની નિર્જરા ગણીને, જીવની ભાવનિર્જરાને તેનું નિમિત્ત કહ્યું; અને નિમિત્ત અપેક્ષાએ જીવને દ્રવ્યનિર્જરાનો કર્તા કહ્યો.

એ રીતે 'મોક્ષ'માં પણ જે દ્રવ્યકર્મોનો અભાવ થયો તેમાં જીવના ભાવમોક્ષને નિમિત્ત ગણીને જીવને તે દ્રવ્યમોક્ષનો પણ કર્તા કહ્યો.

આ રીતે સ્વાધીનપણે જીવ પોતાના ભાવમાં આસ્રવ–બંધ, સંવર–નિર્જરા કે મોક્ષરૂપે પરિણમન કરવામાં સમર્થ હોવાથી પ્રભુ છે, ને નિમિત્તરૂપે કર્મોના આસ્રવ–બંધ, સંવર–નિર્જરા કે મોક્ષ કરવામાં સમર્થ હોવાથી પ્રભુ છે. આ રીતે આત્માની પ્રભુતા જાણવી.

સમયસારની સાતમી શક્તિમાં આત્માનું જે પ્રભુત્વ વર્ણવ્યું છે તે તો, નિર્મળપર્યાયમાં અખંડ સ્વતંત્રતાથી શોભાયમાનપણું હોવાથી પ્રભુત્વ કહ્યું છે; તેમાં તો નિર્મળતાની જ વાત છે, તે પ્રભુત્વમાં વિકાર ન આવે. અને અહીં તો મલિન કે નિર્મળ–બંને પર્યાયોમાં આત્મા પોતે સ્વતંત્રપણે–પોતાના છ કારકોથી જ પરિણમવા સમર્થ હોવાથી આત્માને પ્રભુ કહ્યો છે. આવી પ્રભુતાનો નિર્ણય કરે તેને પણ નિર્મળ પર્યાયરૂપ પ્રભુત્વ પ્રગટયા વિના રહે નહિ.

× × ×

છ દ્રવ્યો સર્વજ્ઞ ભગવાને જોયા છે તેમાંથી જીવ–દ્રવ્યનું આ વર્ણન ચાલે છે. જીવ કેવો છે?

(૧) નિશ્ચયથી પોતાના ચૈતન્યપ્રાણવડે જીવનારો હોવાથી 'જીવ' છે.

(૨) નિશ્ચયથી પોતે જ ચૈતન્યસ્વરૂપ હોવાથી 'ચેતયિતા' છે.

(૩) આત્માથી અભેદસ્વરૂપ જે ઉપયોગ, તેનાવડે લક્ષિત હોવાથી 'ઉપયોગલક્ષિત' છે.

એ ત્રણે બોલની સાથે તેનો વ્યવહાર પણ બતાવ્યો. હવે ચોથા બોલમાં આત્માને 'પ્રભુ' કહ્યો છે, તેનું આ વર્ણન ચાલે છે.

પોતપોતાની પર્યાયોને કરવામાં દરેક દ્રવ્ય પોતે સ્વયં સમર્થ હોવાથી. દરેક દ્રવ્ય પોતપોતાનો 'પ્રભુ' છે. પોતાની વિકારી કે અવિકારી પર્યાયોને કરવામાં આત્મા સ્વયં સમર્થ હોવાથી આત્મા 'પ્રભુ' છે. જડની અવસ્થાઓને કરવામાં જડ પોતે સ્વયં સમર્થ હોવાથી તે પણ તેનો 'પ્રભુ' છે. જડની અવસ્થાનો સ્વામી જડ છે, તે 'જડેશ્વર' છે. આત્મા ચૈતન્ય–ઈશ્વર છે; તેમાંથી અહીં આત્માની ઈશ્વરતાનું–પ્રભુતાનું વર્ણન છે.

આસ્રવ–બંધ, સંવર, નિર્જરા ને મોક્ષરૂપ પોતાના ભાવને પોતે જ છકારકરૂપે થઈને કરતો હોવાથી આત્મા પ્રભુ છે. અને આત્માના ભાવનું નિમિત્ત પામીને જડકર્મમાં તે તે પ્રકારે આસ્રવ–બંધ કે સંવર–નિર્જરા–મોક્ષરૂપ અવસ્થા થાય છે તેનો કર્તા વ્યવહારે હોવાથી આત્મા પ્રભુ છે. નિશ્ચયથી તો કર્મની અવસ્થાને કરવામાં પુદ્‌ગલો જ સમર્થ છે, તેથી તે પુદ્‌ગલની અવસ્થાનો 'પ્રભુ' પુદ્‌ગલ જ છે; પણ આત્માનો ભાવ તેમાં નિમિત્ત હોવાથી આત્માને તેનો પ્રભુ કહેવો તે વ્યવહારથી છે. તે વ્યવહાર એટલો સંબંધ બતાવે છે કે જીવના ભાવને અનુસાર જ (–મેળવાળું) કર્મમાં આસ્રવ–બંધ કે સંવર–નિર્જરા–મોક્ષરૂપ પરિણમન થાય છે.

જીવ–અજીવ દ્રવ્યો સ્વયં–સ્વતંત્રપણે પોતપોતાની પર્યાયમાં પોતપોતાની પ્રભુતાથી પરિણમી રહ્યાં છે. બે દ્રવ્યો (આત્મા અને કર્મ) ભેગાં થઈને જો વિકાર કરે તો તે વિકારનું ફળ પણ બંને ભોગવે–એવો પ્રસંગ આવી પડે, પણ એ વાત સિદ્ધાંતવિરુદ્ધ છે. (જાુઓ, સમયસાર ગા. ૩૩૦) અજ્ઞાની કહે છે કેઃ જેમ દુકાનના બે ભાગીદાર હોય તેમાં એક ભાગીદાર દુકાને બેસીને જે વેપાર કરે તેનું ફળ (નફો કે ખોટ) બંનેને આવે છે; તેમ આત્મા અને શરીર બંને ભેગા છે, તેથી શરીરની ક્રિયાનું ફળ આત્મા ભોગવે છે. –અરે! કેવું સ્થૂળ અજ્ઞાન છે! આચાર્યભગવાન સ્પષ્ટ કહે છે કે બે દ્રવ્યો ભેગાં થઈને ક્રિયા કરતાં જ નથી, બંનેની સ્વતંત્ર ક્રિયા છે; આત્મા પોતાના ભાવને કરે છે ને પોતાના ભાવનું ફળ ભોગવે છે; શરીરની ક્રિયાનું ફળ કાંઈ આત્મા નથી ભોગવતો. પોતાના ભાવને કરવામાં આત્મા પ્રભુ છે. જો જડની ક્રિયાનું ફળ આત્મામાં આવે તો આત્માની પ્રભુતા ન રહી, માટે નિશ્ચયથી એમ જાણવું કે આત્મા પોતે જ પોતાના બંધ–મોક્ષરૂપ ભાવનો સ્વયં કર્તા હોવાથી પ્રભુ છે; અને તે વખતે તે ભાવનું નિમિત્ત પામીને કર્મની બંધ–મોક્ષરૂપ અવસ્થા થાય છે તેને કરવામાં વ્યવહારે સમર્થ હોવાથી 'પ્રભુ' છે.

આ રીતે આત્મા "પ્રભુ" છે.

સર્વજ્ઞ ભગવાને જોયેલા જીવ દ્રવ્યનું વ્યાખ્યાન ચાલે છેઃ જીવ, ચેતયિતા, ઉપયોગલક્ષણે લક્ષિત અને પ્રભુ–એમ ચાર બોલનું વ્યાખ્યાન થયું. હવે કહે છે કે આત્મા કર્તા છે.

આત્મા "કર્તા" છે.

આત્માને નિશ્ચયથી પોતાના આત્મપરિણામોનું કર્તૃત્વ હોવાથી આત્મા કર્તા છે. આત્મપરિણામો કેવા? કે પુદ્ગલકર્મો જેમનું નિમિત્ત છે એવા; અહીં સંસારીજીવની અપેક્ષાએ વર્ણન હોવાથી કર્મ સાથેના નિમિત્ત સંબંધનું પણ જ્ઞાન કરાવ્યું છે.

અહીં, "પુદ્ગલ કર્મ જેમનું નિમિત્ત છે એવા આત્મપરિણામો" એમ કહેતાં તેમાં એકલા વિકારી આત્મપરિણામો ન લેવા, પરંતુ સંવર–નિર્જરા કે મોક્ષરૂપ નિર્મળ આત્મપરિણામો પણ લેવા, કેમ કે તેમાં પણ કર્મનો અભાવ નિમિત્ત છે. એ રીતે કર્મનો સદ્ભાવ કે કર્મનો અભાવ જેનું નિમિત્ત છે એવા આસ્રવ–બંધરૂપ કે સંવર–નિર્જરા–મોક્ષરૂપ પોતાના પરિણામોનો કર્તા આત્મા નિશ્ચયથી છે. અહીં દ્રષ્ટિના શુદ્ધવિષયનું વર્ણન નથી પણ પ્રમાણના વિષયરૂપ આત્માનું વર્ણન છે, તેથી આત્માને વિકારી પરિણામનો કર્તા પણ નિશ્ચયથી કહ્યો છે. "સ્વ તે નિશ્ચય ને પર તે વ્યવહાર" એ વ્યાખ્યા અહીં લાગુ પડે છે. બાકી શુદ્ધદ્રષ્ટિની અપેક્ષાએ વિકારનો કર્તા આત્મા છે જ નહિ.

નિશ્ચયથી આત્મા પોતાના પરિણામનો કર્તા છે એમ કહ્યું; હવે વ્યવહાર બતાવે છેઃ આત્માના તે તે પ્રકારના પરિણામોનું નિમિત્ત પામીને પુદ્ગલ કર્મમાં પણ તેવી તેવી અવસ્થા થાય છે, અર્થાત્ આત્માના વિકારી ભાવોના નિમિત્તથી કર્મના આસ્રવ–બંધ થાય છે ને આત્માના નિર્વિકારી ભાવોના નિમિત્તથી કર્મના સંવર–નિર્જરા કે મોક્ષ થાય છે, એ રીતે આત્માના પરિણામ જેનું નિમિત્ત છે એવા પુદ્ગલકર્મનો વ્યવહારથી (એટલે કે નિમિત્ત અપેક્ષાએ) આત્મા કર્તા છે. આત્મા રત્નત્રયરૂપ સંવરભાવરૂપે પરિણમે ને સામે કર્મનો સંવર ન થાય–એમ બને નહિ. આ રીતે આત્માના પરિણામને અને નવા કર્મને નિમિત્ત–નૈમિત્તિક સંબંધ હોવાથી, વ્યવહારે આત્મા પુદ્ગલ–કર્મનો કર્તા છે. પુદ્ગલકર્મ પરદ્રવ્ય હોવાથી, આ વ્યવહાર 'અસદ્ભુત' છે. આ રીતે આત્માનું કર્તાપણું બતાવ્યું. હવે ભોક્તાપણું કહે છે.

આત્મા 'ભોક્તા' છે.

નિશ્ચયે, શુભાશુભ કર્મો જેમનું નિમિત્ત છે એવા સુખદુઃખ પરિણામોનું ભોકતૃત્વ હોવાથી આત્મા ભોક્તા છે; અને વ્યવહારે, શુભાશુભ કર્મોથી પ્રાપ્ત ઇષ્ટાનિષ્ટ વિષયોનું ભોક્તૃત્વ હોવાથી આત્મા ભોક્તા છે. ખરેખર કાંઈ આત્મા બાહ્યસંયોગોને ભોગવતો નથી. પણ સંસાર અવસ્થામાં તેને એ પ્રકારનો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ હોવાથી, વ્યવહારે બાહ્ય વિષયોનો ભોક્તા કહ્યો છે. સુખ–દુઃખરૂપ પોતાના ભાવનો ભોક્તા તો નિશ્ચયથી છે, ને બાહ્યસંયોગોનો ભોક્તા કહેવો તે વ્યવહારથી છે.

સંસારી આત્માની આ વાત છે. સંસારી આત્મા, શુભ–અશુભકર્મના નિમિત્તથી થતા પોતાના સુખદુઃખ–પરિણામોનો ભોક્તા નિશ્ચયથી છે; અને શુભ–અશુભકર્મથી પ્રાપ્ત બાહ્ય ઇષ્ટ–અનિષ્ટ વિષયોનો ભોક્તા વ્યવહારથી છે.

જુઓ, જીવને હર્ષ–શોક કે સુખ–દુઃખરૂપ જે પરિણામ થાય છે તેમાં તો મોહનીયકર્મનો ઉદય નિમિત્ત છે, છતાં અહીં 'શુભ–અશુભકર્મ'ને તેનું નિમિત્ત ગણ્યું છે. સાતા–અસાતાના નિમિત્તે જે બાહ્ય સામગ્રી મળી તેનો ભોક્તા આત્મા વ્યવહારથી છે. વેદનીય–કર્મનું ફળ સુખ–દુઃખનું વેદન છે–એમ શાસ્ત્રોમાં આવે છે, ત્યાં ખરેખર જે સુખ–દુઃખરૂપ પરિણામ થાય છે તેમાં તો મોહકર્મ નિમિત્ત છે, પણ વેદન અપેક્ષાએ તેમાં વેદનીયને નિમિત્ત કહ્યું. ધવલામાં પણ શ્રી વીરસેનસ્વામીએ સાતા–અસાતા વેદનીયને જીવવિપાકી તેમજ પુદ્ગલવિપાકી બંનેમાં ગણેલ છે. સુખદુઃખના વેદનમાં નિમિત્તની અપેક્ષાએ તો તેને જીવવિપાકી કહ્યું, અને બાહ્યસામગ્રીના સંયોગના નિમિત્તની અપેક્ષાએ તેને પુદ્ગલવિપાકી કહ્યું.

સુખ–દુઃખની બાહ્ય સામગ્રી મળવી તે શુભ–અશુભકર્મના ઉદયથી છે; તે સામગ્રીનો ભોક્તા આત્માને કહેવો તે વ્યવહારથી છે. પોતાના સ્વપરિણામનો ભોગવટો નિશ્ચયથી છે, ને પરનો ભોક્તા કહેવો તે અસદ્ભુત વ્યવહારથી છે. જીવને પોતાના સુખ–દુઃખપરિણામના ભોગવટામાં તે ચીજ (બાહ્યસંયોગ) નિમિત્ત

હોવાથી વ્યવહારે તેનું પણ ભોક્તૃત્વ કહ્યું. આ રીતે આત્મા ભોક્તા છે.

## આત્મા નિશ્ચયથી લોકપ્રમાણઃ વ્યવહારે દેહપ્રમાણ

નિશ્ચયથી આત્મા લોકપ્રમાણ અસંખ્યપ્રદેશી છે, પણ વિશિષ્ટ અવગાહ પરિણામશક્તિથી યુક્ત હોવાથી નાના મોટા શરીર પ્રમાણે રહે છે તેથી વ્યવહારે દેહમાત્ર છે. નામકર્મના નિમિત્તે નાના–મોટા અનેક આકારના શરીરો રચાય છે, તે શરીરના આકાર પ્રમાણે આત્મપ્રદેશોનો આકાર હોય છે, આ કોઈ આકાર કાયમ એકરૂપ નથી રહેતો તેથી દેહમાત્રપણું વ્યવહારથી કહ્યું છે, ગમે તે દેહના આકાર વખતે પણ આત્માના પ્રદેશો લોકપ્રમાણ અસંખ્યાતા જ રહે છે, તેથી અસંખ્યપ્રદેશી આકારપણું તે નિશ્ચય છે. સર્વજ્ઞદેવના જૈનશાસન સિવાય આત્માનું આવું અસંખ્યપ્રદેશીપણું બીજા કોઈ યથાર્થપણે જાણી કે કહી શકે નહિ.

## નિશ્ચયથી આત્મા અમૂર્ત છે

અસદ્ભુત વ્યવહારે આત્માને મૂર્ત કર્મ સાથે એકત્વ પરિણામ હોવાથી આત્મા મૂર્ત છે, પણ નિશ્ચયથી તો આત્મા પોતે અરૂપી સ્વભાવી હોવાથી અમૂર્ત છે. કર્મના સંબંધની અપેક્ષાએ જોતાં મૂર્ત કહ્યે તે અસદ્ભુત વ્યવહારથી છે. નિશ્ચયથી સ્વઅપેક્ષાએ જોતાં આત્મા અમૂર્ત જ છે. સંસાર અવસ્થામાં પણ આત્મા ખરેખર અમૂર્ત જ છે.

કર્મના સંબંધવાળો જીવનો ભાવ અવધિજ્ઞાનનો વિષય થાય છે, ને અવધિજ્ઞાનનો વિષય તો 'મૂર્ત' છે, તેથી કર્મના સંબંધવાળા જીવભાવને પણ ઉપચારથી મૂર્ત કહેવામાં આવે છે. ખરેખર તો અમૂર્ત આત્મા ત્રણે કાળ અમૂર્ત જ છે, કર્મના સંબંધ વખતે પણ આત્મા તો અમૂર્ત જ છે; માત્ર કર્મના સંબંધે ઉપચારથી જ મૂર્ત કહેવામાં આવે છે.

## આત્મા કર્મસંયુક્ત છે

સંસારી જીવની અપેક્ષાથી આ વર્ણન છે. શુદ્ધ નિશ્ચયથી તો આત્માનો સ્વભાવ કર્મથી અસંયુક્ત છે, તે તો શુદ્ધ દ્રષ્ટિનો વિષય છે; અહીં પ્રમાણના વિષયનું વર્ણન છે, એટલે પર્યાયમાં ભાવકર્મ અને દ્રવ્યકર્મનો જે સંબંધ છે તેનું જ્ઞાન કરાવ્યું છે.

નિશ્ચયથી આત્મા પોતાના ચૈતન્ય પરિણામસ્વરૂપ ભાવકર્મથી સંયુક્ત છે; અને ચૈતન્યપરિણામને અનુરૂપ એવા પુદ્ગલપરિણામસ્વરૂપ કર્મથી સંયુક્ત વ્યવહારે છે. આત્માના વિકારી પરિણામ જૂનાં પુદ્ગલકર્મને અનુરૂપ છે, અને પુદ્ગલમાં નવા કર્મો થાય તે જીવના વિકારી પરિણામને અનુરૂપ છે. સંસારી જીવને આ રીતે કર્મસંયુક્તપણું છે. "ભાવકર્મથી સંયુક્ત" તે પણ નિશ્ચય કહ્યે, કેમ કે તે સ્વપરિણામ હોવાથી નિશ્ચય છે. અને પુદ્ગલકર્મ તે પર હોવા છતાં તેનાથી સંયુક્ત કહેવો તે વ્યવહાર છે.

જીવ ત્રણે કાળ પોતાના પરિણામથી સંયુક્ત જ હોય છે, પરિણામ વગરનો તે કદી હોતો જ નથી. જેવા શુદ્ધ કે અશુદ્ધ પરિણામરૂપે તે પરિણમે છે તે પરિણામ તેનું કર્મ છે, ને તે કર્મથી તે સંયુક્ત છે. સંસાર અવસ્થામાં કર્મને અનુરૂપ એવા પોતાના વિકારીભાવરૂપ કર્મથી સંયુક્ત છે, અર્થાત્ તે વિકારી ભાવ પણ જીવનો પોતાનો છે માટે નિશ્ચયથી જીવ તે ભાવકર્મ સહિત છે, અને વિકારી ભાવના નિમિત્તે જે કર્મો બંધાય તે કર્મથી સંયુક્ત વ્યવહારથી છે. પર્યાયમાં કર્મો સાથે આટલો સંબંધ છે–એમ જાણતો થકો ધર્મી જીવ પોતાના અબંધસ્વભાવી આત્માના અનુભવવડે કર્મ સાથેનો સંબંધ ક્ષણેક્ષણે તોડતો જાય છે. એકલા કર્મ સાથેના સંબંધને જ જાણે ને અબંધ સ્વભાવી આત્માને ન જાણે તો આત્માનું યથાર્થ જ્ઞાન થતું નથી–એ રીતે દરેક બોલમાં યોગ્ય સમજી લેવું.

આ પ્રમાણે, જીવ, ચેતયિતા, ઉપયોગલક્ષણે લક્ષિત, પ્રભુ, કર્તા, ભોક્તા, દેહપ્રમાણ, અમૂર્ત અને કર્મસંયુક્ત–એમ નવ બોલથી આ ૨૭ મી ગાથામાં સંસારી આત્માના સ્વરૂપનું વ્યાખ્યાન કર્યું. હવે ૨૮મી ગાથામાં મુક્ત સ્વરૂપ સિદ્ધ આત્માનું વર્ણન કરશે.

## જિનમંદિર–જન્મોત્સવ ફંડ

| | | |
|---|---|---|
| ૫૫૦૩ ॥ | આત્મધર્મ અંક ૧૭૫ અનુસાર | |
| ૨૦૧ ) | સંઘવી દલીચંદ હકુભાઈ | |
| ૬૯ | શેઠ ચુનીલાલ હઠીસંગ | સોનગઢ |
| ૬૯ | હેમકુંવરબેન નરભેરામ કામાણી | જમશેદપુર |
| ૬૯ | શેઠ પ્રેમચંદ કેશવજી | નાઈરોબી |
| ૬૯ | શેઠ ભગવાનજી કચરાભાઈ કીટાલે | ( આફ્રીકા ) |
| ૬૯ | શેઠ કરમણ નરશીભાઈ નાઈરોબી | ( આફ્રીકા ) |
| ૬૯ | શેઠ જેઠાલાલ દેવરાજ | નાઈરોબી |
| ૬૯ | જલુબહેન મુળચંદ | વીંછીઆ |
| ૬૯ | ગંગાબહેન ખુશાલદાસ | સોનગઢ |
| ૬૯ | ખેમરાજજી ખેરાગઢરાજવાળા | ,, |
| ૬૯ | પ્રાણલાલ રામજીભાઈ | અમરેલી |
| ૬૯ | શાંતાબહેન વેલજી ધરમશી | નાઈરોબી |
| ૬૯ | તારાચંદજી ગંગવાલ | કલકત્તા |
| ૬૯ | શ્રી જમશેદપુર મુમુક્ષુ મંડળ | જમશેદપુર |
| ૬૯ | સવિતાબહેન મોહનલાલ રામજી | નાઈરોબી |
| ૬૯ | મણિબેન તારાચંદ કામદાર | રાજકોટ |
| ૬૯ | પારેખ મણિબેન નાનાલાલ | ,, |
| ૬૯ | લાખાણી લખમીદાસ હીરાચંદ | ,, |
| ૬૯ | મોદી અમરચંદ ગીરધરલાલ | ,, |
| ૬૯ | શાંતાબહેન લખમીચંદ કેશવજી | નાઈરોબી |
| ૬૯ | ઊજૈન મુમુક્ષુ મંડળ હ: જાફરમલજી, | ઊજ્જૈન |
| ૬૯ | શેઠ મોહનલાલ વાઘજીભાઈ | સોનગઢ |
| ૬૯ | ડાહીબહેન મોહનલાલ | ,, |
| ૬૯ | શેઠ લક્ષ્મીચંદ કેશવજી | નાઈરોબી |
| ૬૯ | સૂર્યકળાબેન મોતીલાલ | ,, |
| ૬૯ | શેઠ જેઠાલાલ મોતીલાલ | ,, |
| ૧૧૯ । | ૬૯ નીચેની રકમો ( મગનલાલ રાયચંદ; લીલાબેન નરસી; જટુભાઈ નથુશંકર ) | |

૭૫૪૮ ॥।

( સાત હજાર, પાંચસો અડતાલીસ રૂપીયા ને બાર આના ) ( અષાઢ સુદ છઠ્ઠ સુધી )

## પહેલે જ ધડાકે

આત્માર્થીને પહેલે જ ધડાકે આ વાત બેસવી જોઈએ કે મને મારા સ્વદ્રવ્યનું અવલંબન જ શુદ્ધતાનું કારણ છે; એ સિવાય કોઈ પણ પરદ્રવ્યનું અવલંબન મને અશુદ્ધતાનું કારણ છે. મારી શાંતિ જો પરના અવલંબને હોય તો તો હું પરાધીન થાઉં,–પરાધીનપણામાં શાતિ ક્યાંથી હોય? મારી શાંતિ તો સ્વાધીન છે; હું સ્વદ્રવ્યનું જેટલું અવલંબન કરું તેટલી શુદ્ધ અને શાંતિ થાય.

જેઓ આત્માર્થી હોય–જેઓ આત્માની શુદ્ધિ–શાંતિ–મુક્તિ કરવા ચાહતા હોય તેઓ, પરદ્રવ્યનું અવલંબન અશુદ્ધતાનું કારણ છે, એમ જાણીને તેને છોડો, અને સ્વદ્રવ્યનું અવલંબન જ શુદ્ધતાનું કારણ છે–એમ જાણીને સ્વદ્રવ્યનું અવલંબન કરીને તેમાં એકાગ્રતા કરો.

જેટલું સ્વદ્રવ્યનું અવલંબન છે તેટલું જ મોક્ષનું કારણ છે.

જેટલું પરદ્રવ્યનું અવલંબન છે તેટલું બંધનું જ કારણ છે, માટે હે જીવો! સ્વદ્રવ્યનું અવલંબન કરો, ને પરદ્રવ્યનું અવલંબન છોડે.

શ્રી વીતરાગી દેવ અને ગુરુ તો આવો સ્વદ્રવ્યના અવલંબનનો જ ઉપદેશ આપે છે. આ ઉપદેશ ઝીલીને જેણે સ્વદ્રવ્યનું અવલંબન કર્યું તેણે જ દેવ–ગુરુનો ઉપદેશ માન્યો. અને સ્વદ્રવ્યનું અવલંબન કરવાને બદલે જેણે પરદ્રવ્યના અવલંબને લાભ માન્યો તેણે શ્રી દેવગુરુની આજ્ઞા માની નથી.

શ્રી વીતરાગી દેવ–ગુરુની આ આજ્ઞા છે કે : હે જીવો! શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સ્વદ્રવ્યનું અવલંબન જ શુદ્ધતાનું કારણ છે માટે સ્વદ્રવ્યનું અવલંબન કરો, ને પરદ્રવ્યનું અવલંબન અશુદ્ધતાનું કારણ છે માટે તે છોડો. આ જ મુક્ત થવાનો ઉપાય છે.

# -દિવ્ય રૂપ....................
# ....................... દિવ્ય ધ્વનિ

અહો ! ઇન્દ્ર જેવા મહાપુરુષ પણ હજાર–હજાર આંખોવડે જેમનું રૂપ નીહાળે... છતાં તૃપ્તિ ન પામે...એ તીર્થંકરદેવના દિવ્યરૂપની શી વાત !.......

–અને–

આત્માના આનંદને દર્શાવતી, ભવ્ય જીવોના હૃદયમાં અમૃત વરસાવતી એ તીર્થંકરદેવની દિવ્યધ્વનિની શી વાત ! અહો, એ ધ્વનિ...કે જેને સાંભળવામાં લયલીન બનેલા જીવો ભૂખ–તરસને ભૂલી જાય છે તેમના વૈરભાવ શમી જાય છે, ને ઊંડા ઊંતરીને આત્મિક આનંદને પામી જાય છે.

* * *

વીર સં. ૨૪૮૨ના અષાઢ માસમાં ગુરુદેવનું એક અદ્ભુત પ્રવચન આવ્યું, તે સાંભળીને પ્રસન્ન થયેલા એક જિજ્ઞાસુએ રાત્રે તત્ત્વચર્ચા વખતે ગુરુદેવને પૂછયું : “આપની વાણી પણ જ્ઞાન–આનંદસ્વરૂપ આત્માના ધોધથી ભરેલી અપૂર્વ નીકળે છે, તો સીમંધર ભગવાનની દિવ્યધ્વનિ કેવી હશે !!

‘અહો, એની શી વાત !’–પ્રશ્ન પૂરો થતાં વેંત જ તેના જવાબમાં ગુરુદેવના હૃદયમાંથી અતિશય બહુમાનપૂર્વક ઉદ્‌ગારો નીકળ્યા : અહો, એની શી વાત !! ભગવાનને તો કેવળજ્ઞાન છે એટલે તેમની વાણી તો એક સાથે અખંડ રહસ્ય લેતી આવે છે. અહીં તો આગળ પાછળની સંધિ વિચારવી પડે. ભગવાનની વાણીમાં તો બધાં રહસ્યો એક સાથે નીકળે છે. અહો ! ભગવાનની દિવ્ય ધ્વનિ....... એ તો જાણે અમૃત !...શાંત રસનો ધોધ જાણે વરસતો હોય !! ગણધરો જેવા તો જેના સાંભળનારા, એ વાણીની શી વાત ! ગણધરો ને મુનિઓ પણ એકતાન થઈને સાંભળે છે....અરે ! તિર્યંચોના ટોળાં પણ એકતાન થઈ જાય છે.

છ ખંડનો મહારાજાધિરાજ ચક્રવર્તી, અને સ્વર્ગનો રાજા ઇન્દ્ર, તે ચક્રવર્તી અને ઇન્દ્ર જેવા પણ ભક્તિપૂર્વક ઘૂંટણીએ પડીને, બે હાથ જોડીને, નમ્રતાથી ભગવાનને પ્રાર્થના કરે છે કે પ્રભો ! ભવ્યજીવોના હિતને માટે ઉપદેશ આપો. આવી રીતે જેને માટે ચક્રવર્તી અને ઇન્દ્ર જેવા પણ ઘૂંટણભેર થઈને પ્રભુ પાસે પ્રાર્થના કરે...અને એ પ્રાર્થનાના નિમિત્તે ઇચ્છા વિના સર્વજ્ઞ ભગવાનના સર્વાંગેથી જે વાણીનો ધોધ છૂટે,– એ દિવ્ય–વાણીના મહિમાની શી વાત !!

પ્રભુની વાણી જોર રસાળ......... મનડું સાંભળવા તલસે......... મનડું...
સજલ–જલદ જેમ ગાજતો......... જાણું વરસે અમૃતધાર......... મનડું...
સહસ વરસ જો નીગમે......... તોહે તૃપ્તિ ન પામે મન......... મનડું...
સાતાયે સહુ જીવના......... રોમાંચિત હૂવે તન......... મનડું...
વાણી સીમંધર જિણંદની......... શિવરમણીની દાતાર......... મનડું...
વીતરાગી જિણંદજીનો......... પ્રભુ ! હોજો જયજયકાર......... મનડું...

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટવતી મુદ્રક અને પ્રકાશક હરિલાલ દેવચંદ શેઠ : આનંદ પ્રિ. પ્રેસ–ભાવનગર